RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 269 Dt. 21-1-2025 Page : 08 Price : Rs 3




Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**
Place of Publication : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**



# ડોનાલ્ડ ટ્રમ્પ બન્યા ફરી જગત જમાદાર

- બીડન દ્વારા લેવામાં આવેલા નિર્ણયોને ૨૪ કલાકમાં જ રદ કરાશેઃ આવતાની સાથે જ દેખાડ્યા આકરા તેવર
- ભારતના વિદેશ મંત્રી એસ જયશંકર રહ્યા હાજર, આપ્યો વડાપ્રધાનનો શુભેચ્છા પત્ર

નવીદિલ્હી, તા. ૨૦

પોપ ફ્રાન્સિસે વોશિંગ્ટનમાં ઉદઘાટન સમારોહ પૂર્વે મોકલેલા ઔપચારિક સંદેશમાં યુએસના ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને અભિનંદન પાઠવ્યા હતા. પોપ, જેમણે અગાઉ ટ્રમ્પના ઈમિગ્રન્ટ વિરોધી રેટરિક સાથે અસંમતિ વ્યક્ત કરી છે, જણાવ્યું હતું કે તેઓ પ્રાર્થના કરશે કે જ્યારે તેઓ ફરીથી પ્રમુખપદ સંભાળે ત્યારે ભગવાન તેમને ''શાણપણ, શક્તિ અને સુરક્ષા'' આપે. ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે બીજી ટર્મ માટે શપથ લીધા હતા. વોશિંગ્ટન, ડીસીમાં બપોરના સ્થાનિક સમય (૧૭:૦૦ ત્ર્ક્ષ્મઝ)માં રિપબ્લિકન ઉદઘાટન મૂળ રૂપે બહાર - હંમેશની જેમ કેપિટોલના માર્બલ સ્ટેપ્સ પર થતું હોય છે પરંતુ ઠંડા હવામાનને કારણે તેને ઘરની અંદર ખસેડવામાં આવ્યું હતું. ૭૮ વર્ષીય ટ્રમ્પની વ્હાઈટ હાઉસમાં વાપસી તેમની અગાઉની પુનઃચૂંટણીની બિડ હારમાં સમાપ્ત થયાના ચાર વર્ષ પછી આવે છે, જેને તેમણે નકારી કાઢી હતી. ટ્રમ્પ, યુએસ પ્રમુખ તરીકે સેવા આપતી વખતે ફોજદારી આરોપો માટે દોષિત ઠરેલા પ્રથમ વ્યક્તિ, નવેમ્બરની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં આઉટગોઇંગ વાઈસ પ્રેસિડેન્ટ કમલા હેરિસ પરની જીત બાદ વર્તમાન ડેમોક્રેટ જો બિડેનનું સ્થાન લીધી હતું. સમારંભમાં ઉપરાષ્ટ્રપતિ-ચૂંટાયેલા જેડી વેન્સ પણ પદના શપથ લીધા.

અમેરિકાની ચૂંટણીમાં ટ્રમ્પની જીત બાદથી જ દુનિયાભરના દેશોના રાજકારણ પર તેજીથી ફેરબદલ થઈ રહ્યા છે. એવામાં ટ્રમ્પે કહ્યું છે કે ખુરશી સંભાળતા જ તેઓ ૧૦૦ મહત્વપૂર્ણ ફાઈલો પર સહી કરશે. અમેરિકામાં શપથવિધિના કાર્યક્રમની શરૂઆત સવારથી જ શરૂ થઈ જશે. સૌથી પહેલા ચર્ચમાં પ્રાર્થના સભા યોજાશે. પછી ટ્રમ્પ અને તેમના પત્ની મેલાનિયા તથા બાઈડેન અને તેમના પત્ની જિલ બાઈડેન વ્હાઈટ હાઉસમાં ચા પીશે.બાદમાં બંનેનો કાફલો કેપિટલ હિલ બિલ્ડિંગ પહોંચશે. સંગીત કાર્યક્રમ યોજાશે. પછી રાષ્ટ્રપમુખ અને ઉપરાષ્ટ્રપ્રમુખની શપથવિધિ યોજાશે. શપથવિધિ બાદ ડોનાલ્ડ ટ્રમ્પ સભાને સંબોધિત કરશે. જો બાઈડેન અને કમલા હેરિસને સન્માન સાથે વિદાઈ આપવામાં આવશે. જે પછી ટ્રમ્પ અને જેડી વાન્સ પરેડમાં સૈનિકોની સલામી લેશે.

વિદેશ મંત્રી એસ જયશંકર ડોનાલ્ડ ટ્રમ્પના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપી હતી. તેણે ટ્રમ્પ માટે પીએમ મોદીનો પત્ર પણ આપ્યો હતો. ટ્રમ્પના શપથ ગ્રહણ સમારોહમાં જયશંકરની હાજરી દેશની પરંપરા અનુસાર છે, જેમાં રાજ્યના વડાઓના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપવા માટે વિશેષ દૂતો મોકલવામાં આવે છે. અમેરિકી રાષ્ટ્રપતિ તરીકે શપથ લેતા પહેલા ડોનાલ્ડ ટ્રમ્પે પોતાનું વલણ બતાવવાનું શરૂ કરી દીધું છે. પદના શપથ લેતા પહેલા ટ્રમ્પે પોતાના સમર્થકો સાથે વાત કરી હતી. આ દરમિયાન, તેમણે કહ્યું કે બિડેનના તમામ મૂર્ખ ઓર્ડર ૨૪ કલાકની અંદર રદ કરવામાં આવશે તેવુ જણાવ્યું હતું.

ટ્રમ્પના શપથ ગ્રહણ સમારોહમાં ઘણા અબજોપતિઓ અને મોટા નેતાઓ હાજરી આપશે તેવી શક્યતા છે. જેમાં પૂર્વ રાષ્ટ્રપતિ જ્યોર્જ ડબલ્યુ. બુશ અને લૌરા બુશ. પૂર્વ રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટન અને હિલેરી ક્લિન્ટન પણ હાજર રહ્યા હતા. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામા પણ હાજરી આપી હતી, જો કે મિશેલ ઓબામા હાજર ન હતા. ટેસ્લાના સીઈઓ અને ટ્રમ્પના નજીકના સહયોગી એલોન મસ્ક, એમેઝોનના સ્થાપક જેફ બેઝોસ અને મેટા સીઈઓ માર્ક ઝકરબર્ગ પણ હાજર રહ્યા. હતા.

# સોપોર આતંકી મૂઠભેડઃ જવાન શહિદ

## સતત બે દિવસ ચાલ્યો ગોળીબાર : આતંકીઓની શોધખોળ શરૂ




નવીદિલ્હી તા. ૨૦

છેલ્લા ઘણા સમયથી જમ્મુ કાશ્મીરમાં આતંકીઓનું દુષણ વધી રહ્યું છે ત્યારે તેને ડામવા માટે સૈન્ય દ્વારા પણ દરેક સંભવત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે ત્યારે રવિવાર અને ગઈકાલે સોપોર ફાટે સૈન્ય અને આતંકીઓ વચ્ચે મુઠભેડ હતી જેમાં એક જવાન શહીદ થયા હતા. કાલે તમામ આતંકીઓને ગોતવા માટેની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જમ્મુ અને કાશ્મીરના સોપોર વિસ્તારમાં આતંકવાદીઓ સાથેની અથડામણમાં ભારતીય સેનાનો એક જવાન શહીદ થયો હતો. સોપોર પોલીસ જિલ્લાના જલોરા ગુર્જરપતિમાં એક છુપા ઠેકાણા પર આતંકવાદીઓ સાથે ગોળીબારમાં કોન્સ્ટેબલ પંગલા કાર્તિક ઘાયલ થયો હતો અને એન્કાઉન્ટર સ્થળ પરથી ખસેડતી વખતે તેનું મૃત્યુ થયું હતું, એમ અધિકારીઓએ સોમવારે જણાવ્યુ હતું. સુરક્ષા દળોએ રવિવારે આતંકવાદી ઠેકાણાનો પર્દાફાશ કરતી વખતે ગોળીબાર જોયા બાદ ઘેરાબંધી કરી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે તેઓએ રાત્રે જલોરા ગુર્જરપતિમાં ચુસ્ત તકેદારી રાખી હતી અને આજે સવારે આ વિસ્તારમાં શંકાસ્પદ આતંકવાદીઓની શોધખોળ તેજ કરી હતી. ચિનાર કોર્પ્સના તમામ રેન્ક બહાદુર પંગલા કાર્તિકના સર્વોચ્ચ બલિદાનને સલામ કરે છે, જેમણે ફરજની લાઇનમાં પોતાનો જીવ આપી દીધો. ચિનાર યોદ્ધાઓ તેમની અપાર બહાદુરી અને બલિદાનને સલામ કરે છે સુરક્ષા દળોએ રવિવારે એક સક્રિય ઠેકાણાનો પર્દાફાશ કરતી વખતે ગોળીબાર જોયા બાદ તેને ઘેરી લીધો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે તેઓએ જલોરા ગુર્જરપતિ પર રાત્રિ દરમિયાન ચુસ્ત નજર રાખી હતી અને આજે સવારે આ વિસ્તારમાં શંકાસ્પદ આતંકવાદીઓની શોધખોળ તેજ કરી હતી.

# RG કર કેસમાં દોષી સંજય રોયને આજીવન કેદ



## સિયાલદહ કોર્ટે ૫૦,૦૦૦નો દંડ પણ ફટકાર્યો : સિયાલદહ કોર્ટના જજ અનિર્બાન દાસે કહ્યું કે આ રેરેસ્ટ કેસ નથી

નવીદિલ્હી, તા. ૨૦

પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતાના આરજી કર કેસમાં સોમવારે સજાની જાહેરાત કરવામાં આવી છે. કોર્ટે બપોરે ૨.૪૫ વાગ્યે ચુકાદો આપ્યો અને દોષી સંજય રોયને આજીવન કેદની સજા સંભળાવી. સિયાલદહ કોર્ટે સંજય રોય પર ૫૦,૦૦૦ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે. સિયાલદહ કોર્ટના જજ અનિર્બાન દાસે કહ્યું કે આ રેરેસ્ટ કેસ નથી. પીડિત પરિવારને તેના મૃત્યુ માટે ૧૦ લાખ રૂપિયા અને વધારાના ૭ લાખ રૂપિયા આપવામાં આવે. અગાઉ, સરકારી આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં એક મહિલા તાલીમાર્થી ડોક્ટર સાથે બળાત્કાર અને હત્યાના કેસમાં કોલકાતાની અદાલતે સંજય રોયને દોષિત ઠેરવ્યો હતો. જે કલમો હેઠળ રોયને દોષિત ઠેરવવામાં આવ્યો છે, તેને ઓછામાં ઓછી આજીવન કેદની સજા થઈ શકે છે, જ્યારે મહત્તમ મૃત્યુદંડની સજા થઈ શકે છે.

ચુકાદો સંભળાવતા પહેલા આરોપીને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન સંજય રોયે કોર્ટને કહ્યું કે મને ફસાવવામાં આવી રહ્યો છે, મેં કોઈ ગુનો કર્યો નથી. તેના પર સીબીઆઈએ કહ્યું કે આ એક જઘન્ય અપરાધ છે. તેણે સમગ્ર દેશને હચમચાવી નાખ્યો. સીબીઆઈના વકીલે કોર્ટને કહ્યું કે અમે સમાજમાં લોકોનો વિશ્વાસ જાળવી રાખવા માટે સખત સજાની વિનંતી કરીએ છીએ. પીડિતાના માતા-પિતાએ આ કેસમાં ગુનેગારને ફાંસીની સજાની માંગ કરી છે.

પોતાની દલીલમાં સંજય રોયના વકીલે કહ્યું કે ગુનેગારને ફાંસીની સજાને બદલે બીજી કોઈ સજા આપવી જોઈએ. ભલે આ દુર્લભ કિસ્સાઓમાંથી દુર્લભ છે, તેમાં સુધારા માટે અવકાશ હોવો જોઈએ. કોર્ટે બતાવવું પડશે કે દોષિત શા માટે સુધારણા કે પુનર્વસનને લાયક નથી. સરકારી વકીલે પુરાવા રજૂ કરવાના હોય છે અને તે વ્યક્તિ શા માટે સુધારાને લાયક નથી તેના કારણો આપવાના હોય છે અને તેને સમાજમાંથી સંપૂર્ણપણે નાબૂદ કરી દેવો જોઈએ. આરજી કાર હોસ્પિટલના તાલીમાર્થી ડોક્ટર સાથે બળાત્કાર અને હત્યાના દોષિત સંજય રોયની આજીવન કેદ પર પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું કે તેઓ કોર્ટના નિર્ણયથી સંતુષ્ટ નથી. મમતા બેનર્જીએ કહ્યું કે, અમે બધાએ ફાંસીની સજાની માંગ કરી હતી પરંતુ કોર્ટે આજીવન કેદની સજા આપી છે.

સિયાલદહ કોર્ટના એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન જજ અનિર્બન દાસે શનિવારે સંજય રોયને ગયા વર્ષે ૯ ઓગસ્ટે હોસ્પિટલમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ટ્રેઈની મહિલા ડોક્ટર સાથે બળાત્કાર અને હત્યા માટે દોષી ઠેરવ્યો હતો. આ જઘન્ય અપરાધથી દેશભરમાં આક્રોશ ફેલાયો હતો અને લાંબા સમય સુધી વિરોધ પ્રદર્શનો ચાલુ રહ્યા હતા. કોલકાતા હાઈકોર્ટે આ કેસની તપાસ કોલકાતા પોલીસ પાસેથી સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ)ને ટ્રાન્સફર કરી હતી.

ન્યાયાધીશે કહ્યું હતું કે રોયનું નિવેદન બપોરે સાંભળવામાં આવશે અને ત્યારબાદ સજા સંભળાવવામાં આવશે. શનિવારે જ્યારે ચુકાદો જાહેર કરવામાં આવ્યો ત્યારે રોયે કોર્ટમાં દાવો કર્યો હતો કે તેને ફસાવી દેવામાં આવ્યો છે.

# ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર ૧૯ ફેબ્રુઆરીથી




## સરકારની નાણાકીય યોજનાઓ અને વિકાસલક્ષી પહેલોની આપશે રૂપરેખા

રાજકોટ, તા. ૨૦

રાજયપાલ આચાર્ય દેવવ્રતના પરિપત્ર મુજબ ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર ૧૯ ફેબ્રુઆરીથી શરૂ થશે અને ૨૮ માર્ચે સમાપ્ત થશે. ૨૦ ફેબ્રુઆરીએ બજેટ રજૂ કરવામાં આવશે.

સત્રમાં, ગુજરાતના નાણામંત્રી કનુ દેસાઈ રાજ્યનું બજેટ રજૂ કરશે, જે આગામી વર્ષ માટે સરકારની નાણાકીય યોજનાઓ અને વિકાસલક્ષી પહેલોની રૂપરેખા આપશે. સત્રની શરૂઆત રાજ્યના બજેટની રજૂઆત સાથે થશે, જેમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર, શિક્ષણ, આરોગ્યસંભાળ અને સામાજિક કલ્યાણ સહિતના વિવિધ ક્ષેત્રો માટે મોટી ફાળવણીની જાહેરાત થવાની અપેક્ષા છે.

સંસદનું બજેટ સત્ર ૩૧ જાન્યુઆરીથી શરૂ થશે અને ૪ એપ્રિલ સુધી ચાલશે. નાણામંત્રી નિર્મલા સીતારમણ ૧ ફેબ્રુઆરીએ કેન્દ્રીય બજેટ રજૂ કરશે. ૨૦૨૪-૩૫ના બજેટમાં નાણામંત્રીએ વિધાનસભામાં ₹૩,૩૨,૪૬૫ કરોડનું બજેટ રજૂ કર્યું હતું.

આ મહત્વપૂર્ણ સત્રમાં નાણામંત્રી કનુ દેસાઈ રાજ્ય બજેટ રજૂ કરશે, જેમાં આગામી વર્ષ માટે સરકારની નાણાકીય યોજનાઓ અને વિકાસ પહેલની રૂપરેખા આપવામાં આવશે. સત્રની શરૂઆત રાજ્ય બજેટ રજૂ કરવા સાથે થશે, જેમાં માળખાગત સુવિધાઓ, શિક્ષણ, આરોગ્યસંભાળ અને સામાજિક કલ્યાણ સહિતના વિવિધ ક્ષેત્રો માટે મુખ્ય ફાળવણીઓ જાહેર થવાની અપેક્ષા છે.

કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સરકારની કામગીરીની ચકાસણી કરશે, બેરોજગારી અને ખ્યાતિ હોસ્પિટલના કૌભાંડ જેવા મુદ્દાઓ પર ચિંતા વ્યક્ત કરશે તેવી અપેક્ષા છે

### ઉછીના લીધેલા અડધો લાખ પાછા આપવા ન પડે એ માટે ગદ્દારી આદરી લીધી

# મિત્રએ મિત્રને બ્લેકમેઈલ કરી ત્રણ લાખ પડાવી લીધા

## યુવાન પ્રેમિકા સાથે હોટેલમાં જતાં મિત્રએ નકલી પોલીસ સાથે પહોંચી વિડીયો ઉતાર્યો: પછી અપહરણ કર્યુ, મારકુટ કરી: વિડીયો વાયરલ કરવાની ધમકી દઈ નાણા પડાવ્યા: અંતે વાત પોલીસ સુધી પહોંચી

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૦**

રાજકોટ: દોસ્તીમાં દગાખોરીની ઘટનાઓ હમણા વધી ગઇ છે. વધુ એક વખત આવો કિસ્સો સામે આવ્યો છે જેમાં એક યુવાનને તેના જ મિત્રએ બ્લેકમેઇલ કરી નકલી પોલીસને સાથે રાખી હોટેલના રૂમમાં દરોડો પાડી વિડીયો ઉતારી વાયરલ કરવાની ધમકી દઇ ત્રણ લાખ રૂપિયા પડાવી લીધા હતાં. યુવાન પોતાની ગર્લફ્રેનડને લઇને હોટેલમાં ગયો તેની જાણ મિત્રને થતાં દાઢ ડળકી હતી અને નકલી પોલીસને લઇને પહોંચી ગયો હતો. દોસ્તના હાથે જ બ્લેકમેઇલીંગનો ભોગ બનેલા યુવાને અંતે પોલીસની મદદ લીધી હતી.

ઘટના પર નજર કરીએ તો હોટલમાં પ્રેમિકા સાથે એકાંત પળો માણી રહેલા યુવકનું તેના મિત્રએ સાગરીતો સાથે મળીને માર માર્યા બાદ અપહરણ કર્યુ હતું. પોલીસની ઓળખ આપીને મિત્રના સાગરીતોએ યુવક અને તેની પ્રેમીકાના વીડિયો ઉતાર્યા હતા અને બાદમાં ખંડણી માંગવાની શરૂ કરી હતી. વીડિયો વાયરલ ન થાય તે ડરથી યુવકે નકલી પોલીસ બનીને આવેલી ગેંગને ત્રણ લાખ રૂપિયા આપ્યા હતા અને તે બાદ આરોપીઓએ બીજા દસ લાખની માંગણી કરી હતી. જેથી સમગ્ર મામલે યુવકે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. રાજેશ (નામ બદલ્યું છે) મુળ રાજકોટ જિલ્લાના જેતપુરનો રહેવાસી છે અને છેલ્લા દસ દિવસથી પીજીમાં રહે છે. રાજેશ જે ગામમાં રહે છે ત્યાં જયરાજ ડાંગર કરીને એક યુવકને ૫૦ હજાર રૂપિયા ઉછીના આપ્યા હતા. ત્યાર બાદ જ્યારે રાજેશને રૂપિયાની જરૂર હતી ત્યારે તેણે જયરાજ પાસે પરત માંગ્યા હતા. જયરાજ રૂપિયા પરત આપવાની જગ્યાએ જેમફાવે તેમ બોલવા લાગ્યો હતો. તે દરમિયાન રાજેશ નિશા (નામ બદલ્યું છે) નામની યુવતીને પ્રેમ કરતો હતો અને થોડા દિવસ સમય પહેલા વસ્ત્રાપુર હિમાલયા મોલ પાસે આવેલી હોટલના રુમમાં હતા




ત્યારે જયરાજ અને જુગલ ત્યાં આવ્યા હતા. હોટલના રીસેપ્શન કાઉન્ટર ઉપર પહોંચીને રાજેશ ક્યા રૂમમાં રોકાયો છે તેની પુછપરછ કરી હતી. હોટલના કર્મચારીએ રાજેશનો રૂમ નંબર આપતા બન્ને ત્યાં પહોંચી ગયા હતા. જયરાજે બેલ વગાડતા રાજેશે દરવાજો ખોલ્યો હતો ત્યારે જુગલે પોતાની ઓળખ પોલીસ તરીકેની આપી હતી અને રાજેશ કઇ વિચારે તે પહેલા જુગલે તેને માર મારવાનું શરૂ કરી દીધુ હતું. જયરાજે રાજેશ અને નિશાનો વીડિયો પોતાના મોબાઇલમાં ઉતારી લીધો હતો. જુગલ રાજેશને ઢસડીને હોટલથી લઇ ગયો હતો અને બળજબરીપૂર્વક કારમાં બેસાડી દીધો હતો. રાજેશનું અપહરણ કરીને આરોપીઓ તેને હાથીજણ લઇ ગયા હતા. જ્યાં જયરાજે તેને ચાલુ રસ્તા પર ઢોર માર માર્યો હતો. આખો દિવસ જુગલ અને જયરાજે કારમાં રાજેશને મારતા મારતા ફેરવ્યો હતો અને રાતે હિમાલયા મોલ પાસે આવેલા નમો પાન પાર્લર નજીક ઉતારી દીધો હતો.તયારબાદ રાજેશ કોઇને કહ્યા વગર ચુપચાપ પોતાના ઘરે જતો રહ્યો હતો અને છેલ્લા ઘણા સમયથી ડરી ડરીને જીવી રહ્યો હતો. જયરાજ અને જુગલે રાજેશને બ્લેકમેઇલ કરવાનું શરૂ કર્યુ હતું અને પ્રેમિકા સાથેનો વીડિયો વાઇરલ કરવાની ધમકી આપીને જયરાજ રૂપિયા પડાવવા લાગ્યો હતો. બન્નેએ ટુકડે-ટુકડે ત્રણ લાખ રૂપિયા પડાવી લીધા હતા. આટલેથી નહીં ધરાતા બન્ને જણાએ રાજેશ પાસેથી વધુ રૂપિયાની માંગણી કરી હતી, પરંતુ રાજેશે રૂપિયા આપવાની ના પાડી દીધી હતી. રાજેશ રૂપિયા નહીં આપતા જુગલ અને જયરાજે બન્નેના વીડિયો વાઇરલ કરી દેવાની ધમકીઓ આપવાની શરૂ કરી દીધી હતી. સતત બંનેની ધમકીથી કંટાળીને રાજેશે ફરિયાદ કરવાનું કહ્યું હતુ જેથી જુગલ તેના ધંધા પર ગયો હતો. જુગલે રાજેશને ધમકી આપી હતી કે તું અમારા વિરૂદ્ધ ફરિયાદ કરવાનું કહે છે જો તે ફરિયાદ કરી તો હું અને જયરાજ તને જાનથી મારી નાખીશું જેથી રાજેશ ગભરાઇ ગયો હતો. ધમકી આપી જુગલ પણ ત્યાંથી જતો રહ્યો હતો. રાજેશે ફરિયાદ નહીં કરતા અંતે જુગલ અને જયરાજે દસ લાખ રૂપિયા પડાવવાની કોશિષ કરી હતી. ત્યારે રાજેશે રૂપિયા નહીં આપી પોતાના મિત્રોને સમગ્ર હકીકત જણાવી હતી અને આ અંગે વસ્ત્રાપુર પોલીસે ગુનો નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી. આમ દોસ્તીમાં વધુ એક વખત દગાખોરી સામે આવી હતી અને દોસ્તીની કહાની પોલીસ સ્ટેશન સુધી પહોચી હતી.

# વોર્ડ નં.૮માં સફાઈ અંગે સરપ્રાઈઝ તપાસ કરતા મ્યુ.કમિશનર તુષાર સુમેરા

## રહેવાસીઓ સાથે સફાઈ બાબતે રૂબરૂ વાતચીત કરી : વોર્ડ ઓફિસ ખાતે સફાઈ કામદારની હાજરી અને કામગીરીની કરી સમીક્ષા

રાજકોટ, તા. ૨૦

રાજકોટ શહેરમાં એક નહીં અનેક પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે ત્યારે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ ની સમસ્યાઓ ની સંખ્યામાં જે વધારો થઈ રહ્યો છે તેને ધ્યાને લઈ ખરા અર્થમાં વાસ્તવિકતા શું છે તેના પર મ્યુનિસિપલ કમિશનર દ્વારા હાલ સ્થળ તપાસ કરી યોગ્ય કામગીરી થાય છે કે કેમ તે અંગે મુલાકાત અને તપાસ હાથ ધરવામાં આવી હતી સાથોસાથ નાગરિકોએ પણ પોતાનો ધર્મ નિભાવવા માટે અપીલ કરી હતી. અત્યારે નાગરિકો તેમનો જે અધિકાર છે તેનો ઉપયોગ કરતા નથી ઊલટું મહાનગરપાલિકા ઉપર સતત ધોષ બોલાવવામાં આવતી હોય છે. જેને ધ્યાને લઈ આવનારા દિવસોમાં સ્થાનિક લોકો પણ મહાનગરપાલિકાને સાત સહકાર આપે તે ખૂબ જરૂરી છે જેથી ભવિષ્યમાં સફાઈ પ્રશ્ને કોઈ અન્ય મુદ્દા ઉભા ન થાય. વધુમાં મ્યુનિસિપલ કમિશનરે જણાવ્યું હતું કે તેઓ આગામી દિવસોમાં અન્ય વોર્ડની પણ મુલાકાત લેશે અને ત્યાં સાફ-સફાઈની શું સ્થિતિ છે તેનું અવલોકન કરશે.

**તંત્ર સાથે નાગરિકોએ પણ પોતાનો નાગરિક ધર્મ બજાવવે તે જરૂરી તુષાર સુમેરા**

રાજકોટ મહાનગરપાલિકાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં શિફ્ટ વાઈઝ નિયમિત સફાઈ કરવામાં આવી રહી છે. સફાઈ કામદારો દ્વારા શેરી-મહોલ્લામાં દરરોજ સફાઈ કરવામાં



આવી રહી છે જે અન્વયે ગઈકાલે મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ વોર્ડ નં.૮માં રૂબરૂ જઈને સફાઈ અંગે સરપ્રાઈઝ ફેરણી કરી હતી. ફેરણી દરમ્યાન મ્યુનિસિપલ કમિશનરએ વોર્ડ નં.૮ના રહેવાસીઓ સાથે સફાઈ બાબતે રૂબરૂ વાતચીત કટી હતી તેમજ વોર્ડ નં.૮ની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાની ઓફિસ ખાતે જઈને સફાઈ કામદારની હાજરી અને શિફ્ટ વાઈઝ કામગીરી કરતા સફાઈ કામદારોની કામગીરી અંગે સમીક્ષા પણ કરી હતી. ત્યારબાદ વોર્ડ નં.૮ના વિવિધ વિસ્તારમાં રૂબરૂ જઈને સફાઈની પણ ચકાસણી કરી હતી.

ગઈકાલે વહેલી સવારે મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ વોર્ડ નં.૮ની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાની ઓફિસ જઈ સફાઈ કામદારની કામગીરી અને હાજર સફાઈ કામદારની સમીક્ષા કરી હતી ત્યારબાદ વોર્ડ નં.૮ના વિવિધ વિસ્તારમાં રૂબરૂ જઈને સફાઈ અંગે નાગરિકોના રીવ્યુ મેળવી નિયમિત સફાઈ કામગીરી અંગે ચકાસણી કરી હતી. તપાસ અંગે મ્યુનિસિપલ કમિશનરે જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા શહેરને ચોખ્ખું રાખવા માટે સફાઈ કામગીરી કરવામાં આવી રહી છે. શહેરને સ્વચ્છ રાખવા માટે તંત્ર સાથે નાગરિકોએ પોતાનો નાગરિક ધર્મ બજાવવો એ દરેક નાગરિકની ફરજ છે. જ્યાં-ત્યાં કચરો ફેંકવો નહી, સુકો-ભીનો કચરો અલગ રાખવો અને જાહેરમાં ગંદકી ન કરવા શહેરીજનોને અપીલ કરું છું.

# જળ સંગ્રહ માટે ‘સુજલામ સુજલામ’ની અહમ ભૂમિકા

## રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં જળ ક્ષેત્રે ૩૩ હજારથી વધુ કામો પૂર્ણ : ૩૨,૯૪૮ લાખ ધન ફૂટ પાણી સંગ્રહ શક્તિમાં વધારો

રાજકોટ, તા. ૨૦

જળ સંચય અને જળ સિંચાઈ આજના સમયની જરૂરીયાત છે. જેને ધ્યાને રાખી રાજ્યમાં જળ સંગ્રહ માટે ‘સુજલામ સુજલામ’ અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. આ અભિયાનના ફલશ્રુતિરૂપે છેલ્લા બે વર્ષમાં જળ ક્ષેત્રે ૩૩ હજારથી વધુ કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. જેના થકી પાણીદાર ગુજરાતનું નિર્માણ થયું છે.

‘ખેતી માટે પાણી’ અને ‘ઘર- ઘર સુધી શુદ્ધ પેયજળ’ પહોચાડવાના ઉમદા આશયથી તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ ૨૦૦૩માં ‘સુજલામ સુફલામ’ યોજના શરૂ કરવામાં આવી હતી. આ યોજના આજે અન્ય રાજ્યો માટે આદર્શ મોડલ બન્યું છે. વડાપ્રધાનએ આપેલો ‘સુજલામ સુફલામ’નો વિચાર આજે વટવૃક્ષ બની ચૂક્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર આ અભિયાનને મહાઅભિયાન બનાવી ‘જળ એ જ જીવન’ની વિભાવનાને સાચા અર્થમાં ચરિતાર્થ કરી રહી છે. વર્ષ ૨૦૨૩માં ૨૩,૭૨૫ અને વર્ષ ૨૦૨૪માં ૯,૩૭૪ કામો એમ કુલ ૩૩,૦૯૯ કામો પૂર્ણ થયા છે.ઉપરાંત વર્ષ ૨૦૨૩માં ૨૧,૪૨૫ લાખ ધન ફૂટ અને વર્ષ ૨૦૨૪માં ૧૧,૫૨૩ લાખ ધન ફૂટ એમ છેલ્લા બે વર્ષમાં કુલ ૩૨,૯૪૮ લાખ ધન ફૂટ પાણી સંગ્રહ શક્તિમાં વધારો થયો છે.

જ્યારે વર્ષ ૨૦૨૩માં ૬,૭૬૫ કિ.મી. અને વર્ષ ૨૦૨૪માં ૨,૬૧૬ કિ.મી. એમ કુલ મળીને છેલ્લા બે વર્ષમાં ૯,૩૮૧ કિ.મી. નેહરો અને કાંસની સાફ સફાઈ કરવામાં આવી છે.




વર્ષ ૨૦૨૩માં ૭,૫૦૪ અને વર્ષ ૨૦૨૪માં ૧,૯૭૬ એમ કુલ મળીને છેલ્લા બે વર્ષમાં ૯,૪૮૦ તળાવોને ઊંડા કરાયા છે. સાથે જ, વર્ષ ૨૦૨૩માં ૫,૧૫૯ અને વર્ષ ૨૦૨૪માં ૨,૬૧૬ એમ કુલ મળીને છેલ્લા બે વર્ષમાં ૭,૭૭૫ ચેકડેમ ડિસીલ્ટીંગના કામો થયા છે. જ્યારે વર્ષ ૨૦૨૩માં ૧,૦૨૯ અને વર્ષ ૨૦૨૪માં ૮૮૫ એમ કુલ મળીને છેલ્લા બે વર્ષમાં ૧,૯૧૪ ચેકડેમ રિપેરિંગના કામો પૂર્ણ કરવામાં આવ્યાં છે. આ અભિયાન થકી રાજ્યમાં સુકા પડેલા વિસ્તારોમાં વસવાટ કરતા નાગરિકોની સમસ્યા હલ થવાની સાથે સાથે વર્ષ ૨૦૨૪માં ૭.૪૯ લાખ માનવદિનની રોજગારી પણ ઉત્પન્ન થઇ છે તેમ, પાણી પૂરવઠા વિભાગની યાદીમાં જણાવાયું છે. એટલુજ નહિ છેલ્લા બે વર્ષમાં ૯,૩૮૧ કિ.મી.માં નેહરોની સાફ સફાઈ, ૯,૪૮૦ તળાવોને ઊંડા, ૭,૭૭૫ ચેકડેમ ડીસીલ્ટીંગના કામો તેમજ ૧,૯૧૪ ચેકડેમ રિપેરિંગના કામો પૂર્ણ કરવામાં આવ્યા અને આ અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૨૪માં કુલ ૭.૪૯ લાખ માનવદિનની રોજગારી ઉત્પન્ન થઈ.

### ગઠીયાઓ ગામને છેતરવાની એક પણ તક જતી કરતાં નથી: વધુ એક વૃધ્ધ ભોગ બન્યા

# વોલેટમાં રકમ જમા કરવવાના પ્રયાસમાં ગુમાવ્યા દસ લાખ

## વૃધ્ધે આઇઆરસીટીસી એપના ઉપયોટ માટે કસ્ટમર કેરમાંથી નંબર મેળવ્યો અને લેભાગુઓએ ફસાવી લીધા

રાજકોટ: ઓનલાઇન ફ્રોડની દુનિયામાં વધુ લાખોની ઠગાઇ થઇ ગઇ છે. એક સિનીયર સીટીઝનને છેતરી ગઠીયાઓએ દસ લાખ જેવી રકમ પડાવી લીધી છે. આ વૃધ્ધે આઇઆરસીટીસીમાં પેમેન્ટ કરવા માટે ઓનલાઇન કસ્ટમર કેરનો નંબર મેળવી પ્રોસીઝર કરતાં ગઠીયાઓની ઝપટમાં આવી ગયા હતાં અને તેમના બેંક ખાતામાંથી લાખો રૂપિયા સફાચટ થઇ ગયા હતાં.




વિગતો પર નજર કરીએ તો ઓનલાઇન ઠગાઇ આચરતા ગઠીયાઓ રોજ નવા નવા નુસ્ખાઓનો ઉપયોગ કરી છેતરપીંડી કરે છે. આ વખતે રેલ્વે ટીકીટ બૂકીંગ સહિતના કામોમાં ઉપયોગી આઇઆરસીટીસીના નામે ફ્રોડ કરાયું છે. અમદાવાદના સિનિયર સિટીઝને આઇઆરસીટીસીમાં પેમેન્ટ કરવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ પેમેન્ટ ન થતા તેમણે ઓનલાઇન આઇઆરસીટીસી હેલ્પલાઇન નંબર લઈને ફોન કર્યો હતો. ત્યારે અજાણી વ્યક્તિએ આઇઆરસીટીસી હેલ્પલાઇનમાંથી વાત કરતા હોવાનું જણાવીને તેમને વોટસએપ પર મેસેજ કરીને એપ્લિકેશનની પીડીએફ મોકલી હતી . જેમાં સિનિયર સિટીઝને તેમના બેંક એકાઉન્ટની વિગતો ભરી હતી. ત્યારબાદ તેમના ખાતામાંથી અલગ અલગ ત્રણ ટ્રાન્જેક્શન દ્વારા નવ લાખથી વધુ રકમ ઉપડી ગઈ હતી. આ અંગે સિનિયર સિટીઝને સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

વધુ વિગતો જોઇએ તો જૂના વાડજમાં રહેતા દીપક પરીખે સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે તેઓ આઇઆરસીટીસીની એપ્લિકેશન મારફતે તેમના વોલેટમાં પૈસા જમા કરાવતા હતા, પરંતુ પૈસા જમા થતા ન હતા. જેથી તેમણે ફોનમાં સર્ચ કરી આઇઆરસીટીસીના કસ્ટમર કેર નંબર ઉપર ફોન કર્યો હતો. આ ફોન કરતાં સામેવાળી વ્યક્તિએ આઇઆરસીટીસીના કસ્ટમર કેરમાંથી વાત કરે છે, તેમ કહીને તેમના ડેબિટ કાર્ડથી પેમેન્ટ કરવું પડશે તેમ કહી બેંકની વિગત લીધી હતી. ત્યારબાદ તેમણે વોટસએપ પર મેસેજ કરીને એક એપ્લિકેશનની પીડીએફ મોકલી હતી. પીડીએફ ઓપન કરી તેમાં દીપકભાઈએ વિગતો ભરી હતી.

જેમાં ડેબિટ કાર્ડનો નંબર, સીવીવી નંબર,મોબાઈલ નંબર નાખીને સબમિટ કર્યું હતું. આ દરમિયાન સામેવાળી વ્યક્તિએ તેમને ફોનમાં વ્યસ્ત રાખ્યા હતા. ત્યારબાદ સાંજે ફરીથી દીપકભાઈએ ફોન ચાલુ કરીને તેમના કામ પૂરા કરી બેંક બેલેન્સ ચેક કરતા તેમના બેંકના ખાતામાંથી ૫ લાખ, ૩.૯૮ લાખ અને ૮૫,૦૦૦ એમ અલગ અલગ ત્રણ ટ્રાન્જેક્શન દ્વારા અલગ અલગ વ્યક્તિઓના ખાતામાં કુલ ૯.૮૩ લાખ રૂપિયા ટ્રાન્સફર થઈ ગયા હતા. આ તેમણે બેંકના ડાયરેક્ટરને મેસેજ બતાવતા તેમને જણાવ્યું કે, તેમના ફોનનું સંચાલન કોઈ અજાણી વ્યક્તિએ કરી તેમની પાસે રાખીને છેતરપિંડી કરી તેમના ખાતામાંથી પૈસા ઉઠાવી લીધા છે. આ અંગે સાયબર ક્રાઇમે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. આવા ફ્રોડથી બચવા ઓનલાઇન સેવાઓનો ઉપયોગ કરનારાઓએ ખુબ ચેતવુ જરૂરી બની ગયું છે.

### લ્યો બોલો પોલીસ જ ચોરી કરતી’તીઃ લાખોના સળીયાની ચોરીમાં પોલીસ કર્મચારી સહિત ચાર પકડાયા

અન્ય એક ચોંકાવનારા કિસ્સા પર નજર કરીએ તો અમદાવાદમાં પોલીસ કોન્સ્ટેબલ અને તેની સાગરીતો લોખંડના સળિયાના ચોરી કરતા ઝડપાયા છે. એક કંપનીના સળિયા ભરેલુ ટ્રેલર અલગ અલગ ડિસ્ટ્રિબ્યુટરના ત્યાં જતું હતું ત્યારે ટ્રેલર ડ્રાઈવરે જુહાપુરા સોનલ સિનેમા પાસે ટ્રેલર ઉભુ રાખીને માલ ઉતાર્યો હતો. બીજી તરફ પોલીસકર્મી તેના સાગરીતો સાથે ડાલુ લઈને આવ્યો અને સળિયાનો માલ ભરી રહ્યો હતો. તે સમયે વેજલપુર પોલીસે પોલીસકર્મી સહિત પાંચને ઝડપી પાડ્યા હતા.વધુ માહિતી મુજબ સરખેજમાં રહેતા ઇમરાનભાઇ મીનાપરા ટ્રાન્સપોર્ટ મેનેજર છે. શનિવારે કંપનીના શેઠે ફોન કરીને સળિયા ભરેલો ટ્રક અમદાવાદના જુહાપુરા સોનલ સિનેમા પાસે બિનવારસી પડ્યો હોવાની જાણ કરી હતી. જેથી ઇમરાનભાઇએ ત્યાં જઇને તપાસ કર્યા બાદ લોખંડના સળિયાના માલની વોચ ગોઠવી હતી. તેવામાં ચાર વાહનોમાં કેટલાક લોકો આવ્યા હતા. પીકઅપ ડાલુમાં આવેલા શખ્સો લોખંડના સળિયાનો માલ ભરતા હતા ત્યારે આઇ-૨૦માં ઝોન-૨ એલસીબી સ્કવોડનો પોલીસકર્મી મુસ્તુફાખાન મલેક પણ હતો. ઇમરાનભાઇએ માલ બાબતે પૂછતા તેણે ટ્રેલર ડ્રાઇવર ઇશ્વરસિંહ પાસેથી સળિયા ખરીદ્યા હોવાનું જણાવ્યું હતું. જોકે સળિયા પર કચ્છ ખાતેની ઓફિસના ટેગ માર્યા હોવાથી સળિયાના કટિંગ થયાનો પર્દાફાશ થયો હતો. વેજલપુર પોલીસને જાણ કરાતા પોલીસે રૂ. ૨.૫૦ લાખના ૪ ટન સળિયાના જથ્થા સાથે પોલીસકર્મી મુસ્તુફાનખાન મલેક, રામલખન તોમર, રાજકુમારસિંગ શકરવાર, અભિષેક વર્મા અને ઇશ્વરસિંહ સહિતના આરોપીઓની ધરપકડ કરી છે. આરોપી પોલીસકર્મી મુસ્તુફાનખાન મલેક પકડાયા પછી પોતે ડ્રાઈવર પાસેથી રૂ. ૨ લાખમાં સળિયા ખરીદ્યા હોવાનું રટણ કરતો હતો. જેથી પોલીસે હાલ આ મામલે તપાસ શરૂ કરી છે. આ ઘટનાએ પોલીસ બેડામાં ચકચાર જગાવી છે.

cheers+ Multi Speciality Hospitals Ahmedabad / Rajkot

અમદાવાદના નામાંકિત સ્પાઈન અને દુઃખાવાનાં સ્પેશ્યાલીસ્ટ

રાજકોટમાં

૨૨-૦૧-૨૦૨૫, બુધવાર સવારે ૧૧.૦૦ વાગ્યાથી




Dr. Shirazahmed Munshi
M.B.B.S., D.Ortho., FIAPM., DNB (Fellow), FIPP- USA
Fellowship- Spine Endoscopy (Pune, USA, Japan)

લાંબો સમય ઊભા રહેવામાં કે ચાલવામાં તકલીફ છે ?

+ પગમાં કે કમરમાં દુઃખાવો થવો + પગ ભારે થઈ જવા, ખાલી ચડી જવી + ગાદી પર ચાલતા હોય તેવો ભાસ થવો... આ તકલીફ સ્પાઈનલ સ્ટેનોસીસ હોય શકે છે

દૂરબીન વડે ગરદન અને કમરના મણકાની સારવાર

સ્પાઈન સ્ટેનોસીસ/સ્લીપ ડીસ્ક-સાયટીકાની દૂરબીન વડે ઓપરેશન વગર સારવાર

::ફાયદાઓઃ

- ચીરફાડ કે મણકા ખોલવાની જરૂર નથી (જેથી ફરીથી મણકાની તકલીફ ખૂબ ઓછી થાય)
- દર્દીને બેભાન કરવાની જરૂર નથી (જેથી ઓપરેશનમાં લકવો થતો નથી)
- ઓપરેશન બાદ તુરંત રજા (મોટી ઉંમરના, ડાયાબિટીસ, બીપી, હૃદયની તકલીફવાળા દર્દીઓ માટે આશીર્વાદરૂપ

મેડિક્લેઈમ માન્ય સારવાર

અમર સ્પેશ્યાલીટી

- પેઈન મેનેજમેન્ટ
- યુરોલોજી
- ન્યુરોલોજી એન્ડ ન્યુરો સર્જરી
- એન્ડોસ્કોપીક સ્પાઈન સર્જરી
- જોઈન્ટ રીપ્લેસમેન્ટ એન્ડ પોલી ટ્રોમા
- ઓર્થોપેડિક્સ
- ઓન્કોલોજી એન્ડ ઓન્કોસર્જરી
- મેડિસીન

એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક કરો +91 9898745145

હિલ વેલ હોસ્પિટલ બિલ્ડિંગ, બી.એ.પી.એસ. મંદિર સામે, કાલાવાડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૨.
Info.rajkot@cheershospital.com www.cheershospitals.com

### શેર બજારમાં ઉંચા વળતરની લાલચ આપી ચીટરોએ લલચાવીને લપેટી લીધા

# નિવૃત પ્રોફેસરને શ્વેતામેડમની ટોળકીએ અડધા કરોડમાં ખંખેર્યા

## શરૂઆતમાં બાજરા સંશોધન કેન્દ્રના નિવૃત અધિકારીએ પત્નિના ડીમેટમાંથી દસ હજારનું રોકાણ કર્યુ, જે કટકે કટકે પચાસ લાખ સુધી પહોંચ્યા પછી ગઠીયાઓએ ફોન બંધ કરી દીધા

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૦**

રાજકોટ: રાજકોટ: લોકોને લલચાવીને ગઠીયાઓ રોજબરોજ લાખો કરોડો રૂપિયા પળવારમાં ઉસેડી લેતાં હોય છે. શેર બજારમાં રોકાણના નામે ફ્રોડનો વધુ એક બનાવ બન્યો છે. જેમાં જામનગરના બાજરા સંશોધન કેન્દ્રના નિવૃત્ત પ્રોફેસર શેર બજારમાં રોકાણા બહાને ચીટર ટોળકીનો શિકાર બન્યા છે. જેઓએ પોતાની તેમજ પોતાના પત્નિની રૂપિયા પચાસ લાખની રકમ ગુમાવ્યાની ફરિયાદ સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં નોંધાવાઇ છે. જે ફરિયાદના અનુસંધાને પોલીસ ટીમ એક મહિલા સહિતના આરોપીઓને શોધી રહી છે. વિગતો પર નજર કરીએ તો વધુ એક વખત શેરબજારમાં ઊંચું વળતર આપવાના બહાને રોકડા તેમજ નેટબેન્કિંગ મારફતે પૈસા મેળવી લઈ આરોપીઓ છૂમંતર થઇ ગયા છે. વધુ માહિતી અનુસાર જામનગરમાં એમ્યુઝમેન્ટ પાર્ક નજીક કિંગ પેલેસમાં રહેતા અને બાજરા સંશોધન કેન્દ્રના નિવૃત્ત પ્રોફેસર શામજીભાઈ ડાયાભાઈ અટારા કે જેઓ બોંતેર વર્ષના છે તેમણે ઓનલાઈન શેર બ્રોકિંગના બહાને ચિટર ટોળકીનો શિકાર બન્યા છે, અને તેઓએ શેર બજારમાં રોકાણના બહાને પચાસ લાખ જેવી માતબર રકમ ગુમાવી હોવાનું પોલીસ ફરિયાદમાં સામે આવ્યું છે. ફરિયાદી શામજીભાઈ અટારા કે જેઓને મોબાઈલ ફોન મારફતે સૌપ્રથમ શ્વેતા મેડમ નામની એક મહિલાનો ટેલિફોનિક સંપર્ક થયો હતો અને શેરબજારમાં રોકાણના બહાને તેઓનો પ્રથમ દસ હજાર રૂપિયાથી ખાતું ખોલાવ્યું હતું.ત્યારબાદ સિનિયર સિટીઝન માટેની ૨૫ ટકા વધુ પ્રોફિટ ની સ્કીમ છે, જેમાં કટકે કટકે રૂપિયા મંગાવે રાખ્યા હતા. આખરે શામજીભાઈએ પોતાના તેમજ




**ફ્રોડની બીજી ઘટનામાં કારખાનેદારને હરિયાણીની મહિલા બ્રાસ પાર્ટની ખરીદીના નામે ૨૧ લાખનો ચૂનો લગાવી ગઇ**

પોતાના પત્નિના શેર બજારના ડિમેટ એકાઉન્ટના આધારે શ્વેતા મેડમ તેમજ તેના ઓફિસર અંકિતભાઈ તથા બંટી શર્મા કે જેઓને અમુક રકમ રોકડા જ્યારે બાકીની રકમ નેટ બેંકિંગ મારફતે ટ્રાન્સફર કરાવીને આપી હતી. જે મળી કુલ ૫૦,૧૩,૩૨૮ની રકમ ઉપાડી તમામ આરોપીઓ પોતાના મોબાઈલ ફોન બંધ કરીને ગુમ થઈ ગયા છે. આખરે આ મામલો સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં લઈ જવાયો હતો, અને પોલીસ ત્રણેય આરોપીઓને શોધી રહી છે.

ફ્રોડના અનય એક બનાવમાં જામનગરના વધુ એક બ્રાસપાર્ટના વેપારી છેતરપિંડીનો શિકાર બન્યા છે, અને હરિયાણાની એક મહિલા કારખાનેદારે કટકે કટકે રૂપિયા ૨૧.૯૧ લાખનો બ્રાસપાર્ટ નો માલ સામાન ખરીદ કર્યા પછી તેના પૈસા નહીં ચૂકવી હાથ ખંખેરી લેતાં મહિલા સામે વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરિયાદ નોંધાવાઈ છે. આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામનગરમાં દિગ્વિજય પ્લોટ શેરી નંબર ૫૮માં રહેતા અને ઉદ્યોગ નગરમાં બ્રાસપાર્ટનું કારખાનું ચલાવતા ભાવિનભાઈ રમેશભાઈ મંગે નામના ભાનુશાલી વેપારીએ હરિયાણા રાજ્યના ફરીદાબાદ ની વતની મંજુબેન વિવેકભાઈ પાંડે સામે રૂપિયા ૨૧,૯૧,૧૮૦ની રકમ નહીં ચૂકવી વિશ્વાસઘાત અને છેતરપિંડી કર્યાની ફરિયાદ સીટી એ. ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવી છે.વધુ વિગતો અનુસાર પોલીસમાં જાહેર કર્યા અનુસાર ફરિયાદી ભાવિનભાઈ ૨૦૦૬થી આરોપી મહિલા મંજુબેન પાંડે કે જેઓ હરિયાણામાં દુર્ગા એન્જિનિયરિંગ નામનું કારખાનું ચલાવે છે. તેની સાથે માલસામાનની ખરીદ વેચાણ કરતા હતા. જે લાંબા સમયના પરિચય બાદ સને ૨૦૧૫ થી ૨૦૨૦ના પાંચ વર્ષના સમયગાળા દરમિયાન કટકે કટકે ૨૧.૯૧ લાખનો બ્રાસનો સામાન મોકલાવ્યો હતો. જેની રકમ માટે અનેક વખત માંગણી કરી હતી, પરંતુ મંજુબેન પાંડે પૈસા ચૂકવતા ન હતા, અને હરિયાણા રાજ્ય છોડીને હાલ ઉત્તર પ્રદેશના કાનપુરમાં રહેવા માટે ચાલી ગઈ હતી.આખરે આ મામલે સિટી એ. ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવતાં પીએસઆઇ એલ બી. જાડેજાએ ગુનો નોંધી તપાસ નો દોર ઉત્તર પ્રદેશ તરફ લંબાવ્યો છે.

# હિરાસર એરપોર્ટ ખાતે એરોડ્રોમ કમિટીની બેઠક

## પ્લેન હાઈજેકિંગ સમયે એરોડ્રોમ કમિટીની ભૂમિકા અંગે કરાઈ ચર્ચા

રાજકોટ તા. ૨૦

રાજકોટ સ્થિત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ હિરાસર ખાતે એરોડ્રોમ કમિટીની બેઠક ડી.સી.પી. સજ્જન સિંહ પરમારના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં પ્લેન હાઈજેકિંગ સમયે એરોડ્રોમ કમિટીની ભૂમિકા અંગે સમીક્ષા કરાઈ હતી.

પ્લેન હાઈજેકિંગ સમયે એરોડ્રોમ કમિટીની ભૂમિકા ખૂબ જ અગત્યની હોય છે જેની કામ-ગીરી અંગે સમીક્ષા કરાઈ હતી. કમિટીના વિવિધ વિભાગોની કામગીરી અને તકેદારી અંગે એરપોર્ટ ઓથોરિટી દ્વારા પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. સમિતિમાં એરપોર્ટ ઓથોરિટી, આરોગ્ય, ફાયર વિભાગ, મીડિ-યા સહિતના વિવિધ વિભાગોએ કરવાની થતી કામગીરી અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ તકે એરપોર્ટ ઓથોરિટીના ડિરેક્ટર દિગંત બોહરા, સી.એસ.ઓ. અમિત કુમાર, માહિતી અને પ્રસારણ વિ-ભાગના સંયુક્ત માહિતી નિયામક મિતેષ મોડસિયા, સી.આઇ.એસ.એફ. ઈન્સ્પેકટર એક્ઝિક્યુટિવ મહેશ સિંહ, એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિ-યાનો સ્ટાફ, આર.એમ.ઓ. એચ. એ. દુસારા સહિત વિવિધ એરલ-ાયન્સના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.






રાજકોટ મિરર તંત્રીની કલમે

# ખાખીનો ઢક્કો

## વાહનમાં પોલીસ લખવું માત્ર શોખ ન હોય શકે, તપાસ થાય તો..



પોલીસ તંત્ર પાસે વિશેષ પાવર હોય છે. કોન્સ્ટેબલથી માંડીને પોલીસ અધિકારી બનવું સરળ નથી, અનેક પરીક્ષા પ્રક્રિયામાંથી પસાર થવું પડતું હોય છે. પોલીસ બન્યા પછી પાવર મળે છે. પરંતુ કાયદો-વ્યવસ્થાની જવાબદારી પણ આવે છે. અચોક્ક્સ સમય, અચોક્ક્સ સ્થાન, ખાવા- પીવાના કે ઘેર જવાના ઠેકાણા નહીં... પોલીસ બન્યા બાદ પણ પડકાર ભર્યું જીવન હોય છે.

પોલીસ બન્યા બાદ તેને મળતા ડ્રેસ અને પાવરનો ઉપયોગ કે ગેરઉપયોગ એ વ્યક્તિગત બાબત છે, ઘણા લોકો એવા હોય છે કે, તે પોલીસનો પાવર જોઈને આકર્ષાય છે, તેમને પોલીસની વાસ્તવિકતાનું ભાન હોતું નથી. પાવરમાં જ રસ હોય છે. ફાલતુ લોકો પણ પોલીસનો પાવર રાખવાનો ઢઢો રાખતા હોય છે.

રાજકોટમાં ત્રણ વ્યક્તિ એવી ઝડપાઈ, તેમણે પોલીસ ના હોવા છતાં પોતાના વાહનમાં પોલીસ નામની પ્લેટ લગાવી હતી. આવા તત્વો ઘણા છે, પણ ઝડપાયા છે માત્ર ત્રણ. આ ગુનાનો ખ્યાલ પણ રાજકોટ પોલીસને નહીં, જોરાવરનગર પોલીસને આવ્યો હતો.

આવા તત્વો સામે ગુન્હો નોંધાયો છે. પ્રાથમિક તપાસમાં પોલીસે એવું જાહેર કર્યું છે કે, માત્ર શોખ ખાતર જ મોટરકારમાં પોલીસની પ્લેટ મૂકી હતી. આવા તારણો તુરંત રજૂ કરી દેવા એ પોલીસ તંત્ર સામે આશંકા જન્માવે છે. આવા કેસોની નિષ્ઠાથી ઊંડી તપાસ થવી જરૂરી છે.

ગુજરાતભરમાં દરેક સ્તરે નકલની બોલ-બાલા ચાલે છે, નકલી પોલીસના પણ અધધ કેસો થયા છે. પોલીસ બનીને ગામમાં રોફ જમાવીને ન કરવાના ધંધા ચાલે છે. આવી નકલી પોલીસના કારણે અસલી પોલીસ બદનામ થાય છે, ઘણા કેસોમાં નકલી પોલીસને અસલી પોલીસનું પીઠબળ પણ હોઈ શકે છે. મોટરકારમાં પોલીસની પ્લેટ ગોઠવી દેવી એ માત્ર શોખ હોઈ ન શકે.

આ કાંડમાં ઊંડું ઉતરવું જરૂરી છે માનો કે માત્ર શોખ ખાતર જ પ્લેટ લગાવી હોય તો પણ એ શોખ ભારે પડી જાય તેવી કાર્યવાહી થવી જોઈએ. આવા શોખ સામાન્ય ન ગણાય. ઘણી વખત એવું પણ જોવા મળે છે કે, પરિવારમાં એકાદ પોલીસ હોય તો તેનો આખો પરિવાર વાહનમાં પોલીસનો સિમ્બોલ લગાવીને ફરતા હોય છે. આવા અનેક વાહનો રાજકોટમાં જોવા મળશે. ટાબરીયા પણ પોલીસનો રોફ જમાવતા હોય છે. પોલીસની પ્લેટનો દુરુપયોગ થાય તે સામે કાર્યવાહી જરૂરી છે.

રાજકોટમાં ઘણી ઓટો રીક્ષા એવી ફરે છે, જેમાં પોલીસનો કલર (લાલ- બ્લ્યું) અથવા પ્લેટમાં જોવા મળે છે. આ શું દર્શાવે છે? તેની સામે પગલાં કેમ નથી લેવાતા? જાણકારો કહે છે કે, ઓટોરિક્ષાઓ દોડે છે, તેમાં ઘણા પોલીસ કર્મચારીઓનું પ્રત્યક્ષ અથવા પરોક્ષ જોડાણ છે. આ કારણે રિક્ષાવાળા બેફામ બને તો પણ રાજકોટ વ્યાપી મહા ઓપરેશન થતા નથી. પોલીસની ઓળખ ધરાવતા વાહનોને સામાન્ય ન ગણી શકાય. નકલી પોલીસ કે પ્લેટના કારણે અસલી નિષ્ઠાવાન પોલીસ બદનામ થાય છે.



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# રાહુલ ગાંધીને સુપ્રીમમાંથી મળી રાહત

## ચૂંટણી રેલી દરમિયાન અમિત શાહ વિરુદ્ધ કરેલી ટિપ્પણી બદલ રાહુલ ગાંધી વિરુદ્ધ દાખલ કરવામાં આવેલા માનહાનિના કેસમાં ટ્રાયલ કોર્ટની કાર્યવાહી પર લગાવી રોક

નવીદિલ્હી, તા.૨૦

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને સુપ્રીમ કોર્ટમાંથી મોટી રાહત મળી છે. સર્વોચ્ચ અદાલતે ચૂંટણી રેલી દરમિયાન અમિત શાહ વિરુદ્ધ કરેલી ટિપ્પણી બદલ રાહુલ ગાંધી વિરુદ્ધ દાખલ કરવામાં આવેલા માનહાનિના કેસમાં ટ્રાયલ કોર્ટની કાર્યવાહી પર રોક લગાવી દીધી છે.

બીજેપી કાર્યકર નવીન ઝાએ ૨૦૧૯માં રાહુલ ગાંધી વિરુદ્ધ અમિત શાહ વિરુદ્ધ કરેલી કથિત ટિપ્પણી બદલ કેસ દાખલ કર્યો હતો. હકીકતમાં, ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલા ચાઈબાસામાં તેમના એક જાહેર ભાષણ દરમિયાન રાહુલ ગાંધીએ શાહ માટે 'કિલર' શબ્દનો ઉપયોગ કર્યો હતો.

જસ્ટિસ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની ખંડપીઠે ઝારખંડ સરકાર અને ભાજપના નેતાને નોટિસ જારી કરીને રાહુલની અપીલ પર તેમનો જવાબ માંગ્યો હતો. બેંચે કહ્યું કે નોટિસ જારી કરવામાં આવી રહી છે. આ કેસની આગળની કાર્યવાહી આગળના આદેશ સુધી સ્ટે આપવામાં આવશે. રાહુલ વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ અભિષેક સિંઘવીએ કહ્યું કે એવા ઘણા ચુકાદાઓ છે જે કહે છે કે માત્ર પીડિત વ્યક્તિ જ ફોજદારી માનહાનિની ફરિયાદ નોંધાવી શકે છે. પ્રોક્સી થર્ડ પાર્ટી દ્વારા માનહાનિની ફરિયાદ દાખલ કરી શકાતી નથી. અરજદાર વતી વરિષ્ઠ વકીલ મહેશ જેઠમલાણી હાજર રહ્યા હતા.

આ પહેલા લોકસભામાં વિપક્ષના નેતાએ ઝારખંડ હાઈકોર્ટના આદેશને પડકાર્યો હતો. ચુકાદામાં ફરિયાદના સંબંધમાં ટ્રાયલ કોર્ટમાં તેમની સામેની કાર્યવાહીને રદ કરવાની તેમની અરજી ફગાવી દેવામાં આવી હતી. કોંગ્રેસના નેતાએ રાંચી મેજિસ્ટ્રેટ



કોર્ટના નિર્ણયને પડકાર્યો હતો જેમાં તેમને ટ્રાયલ માટે કોર્ટમાં રૂબરૂ હાજર રહેવાનો નિર્દેશ આપ્યો હતો. બાદમાં રાહુલે હાઈકોર્ટમાં અરજી કરી હતી. અહીં કોર્ટે નીચલી કોર્ટમાં તેમની સામે આગળની કોઈપણ કાર્યવાહી પર સ્ટે ઓર્ડર જારી કર્યો હતો.

ફરિયાદી અને સાક્ષીઓના નિવેદનો નોંધ્યા પછી, મેજિસ્ટ્રેટને જાણવા મળ્યું કે રાહુલ ગાંધી વિરુદ્ધ કેસ કરવામાં આવ્યો હતો અને તેમને ૪ ફેબ્રુઆરી, ૨૦૨૩ ના રોજ નીચલી કોર્ટમાં હાજર થવાનો નિર્દેશ આપ્યો હતો. બાદમાં હાઈકોર્ટે મેજિસ્ટ્રેટ દ્વારા જારી કરાયેલી નોટિસ પર રોક લગાવી દીધી હતી અને આદેશ આપ્યો હતો કે રાહુલ વિરુદ્ધ કોઈ શિક્ષાત્મક પગલાં લેવામાં ન આવે. ભારતીય જનતા પાર્ટી (BJP)ના કાર્યકર નવીન ઝાએ ૨૦૧૯માં શાહ વિરુદ્ધ કરેલી કથિત ટિપ્પણી બદલ રાહુલ ગાંધી વિરુદ્ધ કેસ દાખલ કર્યો હતો. હકીકતમાં, ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલા ચાઈબાસામાં તેમના એક ભાષણ દરમિયાન રાહુલ ગાંધીએ શાહ માટે 'કિલર' શબ્દનો ઉપયોગ કર્યો હતો. રાહુલ ગાંધીની અપીલ પર જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની બેંચે ઝારખંડ સરકાર અને બીજેપી નેતાને નોટિસ પાઠવીને તેમનો જવાબ માંગ્યો છે. ગાંધીએ ઝારખંડ હાઈકોર્ટના આદેશને પડકાર્યો છે.

હાઈકોર્ટે નીચલી કોર્ટમાં ચાલી રહેલી કાર્યવાહીને રદ કરવાની રાહુલ ગાંધીની અરજીને ફગાવી દીધી હતી.

# યાસીન મલિક વિરુદ્ધના કેસમાં વીડિયો કોન્ફરન્સિંગ માટે યોગ્ય સુવિધા આપવા સુપ્રીમનો આદેશ

## આ મામલામાં સીબીઆઈ તરફથી હાજર થયેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને કહ્યું કે તિહાર જેલમાં વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કેસની સુનાવણી કરવાની સુવિધા પહેલાથી જ ઉપલબ્ધ છે

નવીદિલ્હી, તા. ૨૦

જમ્મુ-કાશ્મીરના અલગતાવાદી યાસીન મલિક વિરુદ્ધ ચાલી રહેલા કેસમાં સુપ્રીમ કોર્ટે મહત્વનો આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે જમ્મુ અને કાશ્મીર હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલને યાસીન વિરુદ્ધના બે કેસની સુનાવણી કરી રહેલી જમ્મુની વિશેષ અદાલતમાં વીડિયો કોન્ફરન્સિંગ માટે યોગ્ય સુવિધા આપવા જણાવ્યું છે. જસ્ટિસ અભય એસ ઓકા અને ઉજ્જવલ ભુયાનની બેન્ચે રૂબિયા અપહરણ કેસ અને એરફોર્સ ઓફિસર મર્ડર કેસમાં ચાલી રહેલી સુનાવણી દરમિયાન આ આદેશ આપ્યો હતો. આ સિવાય સુપ્રીમ કોર્ટે દિલ્હી હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલને તિહાર જેલમાં પણ યોગ્ય વીડિયો કોન્ફરન્સિંગ સુવિધા સુનિશ્ચિત કરવાનો નિર્દેશ આપ્યો છે. બેન્ચે બંને હાઈકોર્ટના રજિસ્ટ્રારને ૧૮ ફેબ્રુઆરીએ સ્ટેટસ રિપોર્ટ દાખલ કરવા કહ્યું છે. તેમજ સીબીઆઈની અરજી પર સુનાવણી ૨૧ ફેબ્રુઆરીના રોજ નક્કી કરવામાં આવી છે. ટોચની અદાલત જમ્મુની ટ્રાયલ કોર્ટના ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૨ના આદેશ સામે સીબીઆઈની અરજી પર સુનાવણી કરી રહી હતી, જેમાં તિહાર જેલમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા મલિકને રાજકારણી મુફ્તી મોહમ્મદ સઈદની પુત્રી રુબિયા સઈદના અપહરણના કેસમાં સુનાવણીનો સામનો કરવાનો નિર્દેશ આપ્યો હતો ફરિયાદ પક્ષના સાક્ષીઓની ઉલટ તપાસ માટે શારીરિક રીતે રજૂ કરવામાં આવશે. આ મામલામાં સીબીઆઈ તરફથી હાજર થયેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને કહ્યું કે તિહાર જેલમાં વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કેસની સુનાવણી કરવાની સુવિધા પહેલાથી જ ઉપલબ્ધ છે. મલિકને કોર્ટમાં લઈ જવાની જરૂર નથી. તિહાર જેલમાં કોર્ટ ચાલે છે, આ પહેલા પણ ઘણા કેસની સુનાવણી થઈ ચૂકી છે. સીબીઆઈએ પોતાની અરજીમાં કહ્યું હતું કે દિલ્હીની તિહાર જેલમાં બંધ મલિકને સુરક્ષાના કારણોસર જમ્મુ લઈ જઈ શકાય નહીં. સુપ્રીમ કોર્ટે ૨૦૨૨માં જ જમ્મુ કોર્ટના આદેશ પર રોક લગાવી દીધી હતી. મલિક તિહાર જેલમાં બંધ છે. આ પહેલા સુપ્રીમ કોર્ટે દિલ્હીની તિહાર જેલમાં જ સ્પેશિયલ કોર્ટની રચના કરીને સુનાવણી પર વિચાર કરવાનું કહ્યું હતું, પરંતુ બંને કેસમાં યાસીનના બાકીના સહ-આરોપીઓએ દિલ્હી આવવાનો વિરોધ કર્યો છે.

તેમનું કહેવું છે કે ૭ લોકોને દિલ્હી આવવાને બદલે યાસીનને જમ્મુ લઈ જવા જોઈએ. સીબીઆઈ તરફથી હાજર થયેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું કે તમામ આરોપીઓ મિલીભગતથી કામ કરી રહ્યા છે. યાસીન જમ્મુ જવાની પોતાની માંગ પર અડગ છે. બાકીના આરોપીઓ દિલ્હી આવવા તૈયાર નથી. કોર્ટે જમ્મુ અને કાશ્મીર હાઈકોર્ટના રજિસ્ટ્રારને ૧૭ ફેબ્રુઆરી સુધીમાં રિપોર્ટ સબમિટ કરવા કહ્યું છે અને આગામી સુનાવણી ૨૧ ફેબ્રુઆરીએ થશે. સુપ્રીમ કોર્ટે દિલ્હી હાઈકોર્ટના રજિસ્ટ્રારને તિહાર જેલમાં ઉપલબ્ધ વીડિયો કોન્ફરન્સિંગ સુવિધાનું નિરીક્ષણ કરવા પણ કહ્યું હતું. જો જરૂરી હોય તો, તેમાં સુધારો કરો.

### દામ્પત્ય જીવનમાં ડખ્ખા ચાલુ થાય તો ઘણીવાર માઠુ પરિણામ આવે

# પત્નિ રિસામણે જતાં રિસાયેલા યુવાને ફાંસો ખાઈ મોત મેળવ્યું

## જામનગર રોડ મનહરપુર-૧ ગામનો બનાવઃ પરિવારમાં શોકની કાલીમા

રાજકોટઃ દામ્પત્ય જીવનમાં જો ડખ્ખા ઘર કરી જાય તો તેનું પરિણામ માઠુ આવતું હોય છે. શહેરના જામનગર રોડ પર દ્વારકાધીશ પેટ્રોલ પંપ પાસે આવેલા મનહરપુર-૧ ગામમાં રહેતાં સાગરભાઇ ગોરધનભાઇ જાખેલીયા નામના ચોવીસ વર્ષના યુવાને ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. તેની પત્નિ રિસામણે જતી રહી હોવાથી તેણે આ પગલુ ભરી લીધુ હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર મનહરપુર-૧માં સાગરભાઇ જાખેલીયાએ ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધાની જાણ ૧૦૮ મારફત થતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ. ડી.આર. રત્નુએ ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. આપઘાત કરનાર સાગરભાઇ બે ભાઇ અને એક બહેનમાં નાનો હતો. તેના લગ્ન ત્રણ વર્ષ પહેલા થયા હતાં. સંતાનમાં એક પુત્રી છે અને હાલમાં પત્નિ રિસામણે હતી. સાગરભાઇ છુટક કલરકામની મજૂરી કરતો હતો. સવારે તેના ભાઇ રૂમમાં જતાં સાગરભાઇ લટકતો મળતાં દેકારો મચી ગયો હતો. પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ પત્નિ રિસામણે જતી રહી હોઇ માઠુ લાગી જતાં સાગરભાઇએ આત્મહત્યા કરી લીધાનું સગાએ કહ્યું હતું.

### જીવલેણ અકસ્માતનો સિલસિલો યથાવતઃ વધુ એક પરિવારે યુવાન દિકરો ગુમાવ્યો

# બે મોટરસાઇકલની ટક્કરમાં આસી. સબ ઈન્સ્પેક્ટરના એકવીસ વર્ષના દિકરાનું મૃત્યુ

રાજકોટઃ જીવલેણ વાહન અકસ્માતની વધુ એક ઘટનામાં એક પરિવારે આધારસ્તંભ અને યુવાન દિકરાને ગુમાવી દીધો છે. રોજબરોજ આ પ્રકારના બનાવો બનતાં રહે છે. જેમાં વધુ એકનો ઉમેરો થયો છે. પોરબંદરમાં બે દિવસ પહેલા બે મોટરસાઇકલ સામ સામે અથડાતાં એએસઆઇના યુવાન પુત્રને ગંભીર ઇજા થઇ હતી. તેનું સારવાર દરમિયાન રાજકોટમાં મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.

બનાવની વિગતો પર નજર કરીએ તો પોરબંદરમાં લક્ષ્મીનગર ગરબી ચોકમાં રહેતો એકવીસ વર્ષનો યશ વિષ્ણુભાઇ ચૌહાણ ગત તારીખ અઢારમીની સાંજે ચારેક વાગ્યે રમેશભાઇના મોટરસાઇકલમાં બેસીની જતો હતો ત્યારે વનાળા બાયપાસ પાસે બીજા મોટરસાઇકલ સાથે અકસ્માત સર્જાતા પાછળ બેઠેલા યશને ગંભીર ઇજા થતાં પોરબંદર સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. અહિ તેનું મત્યુ થયું હતુ. મૃત્યુ પામનાર યશ બે ભાઇમાં નાનો હતો અને રમેશભાઇ સાથે કેટરીંગનું કામ કરતો હતો. શેઠ સાથે કામે જતો હતો ત્યારે આ બનાવ બન્યો હતો. તેના પિતા એએસઆઇ તરીકે ફરજ બજાવે છે. સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના આસી. સબ ઇન્સ. રામશીભાઇ, અશ્વિનભાઇ, ધર્મેન્દ્રભાઇ, તૌફિકભાઇ, ભાવેશભાઇએ પોરબંદર ઉદ્યોગનગર પોલીસને જાણ કરી હતી. યુવાન અને આધારસ્તંભ દિકરાને ગુમાવતાં ચૌહાણ પરિવારમાં શોક છવાઇ ગયો હતો. ઉદ્યોગનગર પોલીસે કાર્યવાહી કરી હતી.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# સહેમી હુઈ સંવેદના! (બોધકથા)

## જેનું યશ ગાન ગાતાં આપણું મન ધરાય નહીં, એવાં યશોદા બા ની જીવન ગાથા!



આજે હરિ મંદિરમાં પંચદેવની પૂજામાં શિવલિંગને દૂધનો અભિષેક કરતી હતી, અને યા તે રૂદ્ર શિવા.. બોલતી હતી પણ પૂજામાં મન લાગતું નહોતું અને અંતરમાં બિલાડીનો મ્યાઉં મ્યાઉં અવાજ પડઘાતો હતો! જાણે એમ કહેતી હોય મને દૂધ આપતી નથી, અને આમ દૂધ ઢોળે છે! અમારા ઘર આસપાસ ક્યાંક બિલાડીને બચ્ચા આવ્યાં હશે, એટલે જીવદયાથી પ્રેરાઈને રોજ દૂધ રોટલી આપતી! પણ બિલાડી વિશ્વાસઘાતી પ્રાણી હોવાથી બે ત્રણ વખત દુધ બોટી ગઈ, એટલે આપવાનું બંધ કર્યું, પણ બિલાડી એનાં સમયે આવીને મ્યાઉં મ્યાઉં કરતી! અંતર કકળતું પણ ખરું! છતાં દૂધ આપ્યું નહીં, એટલે જાણે એ સહેમી હુઈ સંવેદના એ બળવો કર્યો હોય એમ પૂજામાં પણ મન ન લાગ્યું, જોકે સંસારીની પૂજા મમ્મી કહેતી એમ માની લેજો ઠાકોરજી! એવી જ હોય. પણ કહેવાનું એ છે કે આમ જ આપણાં સૌની સંવેદના આપણા દ્વારા જ સહેમી ગઈ છે! રોકાઈ ગઈ છે! કે જડ બની ગઈ છે.

આજે તો આખો દિવસ આમથી તેમ આંટા ફેરા થયાં અને માલતી થાકીને લોથપોથ થઈ કોફીનો કપ લઈને બેઠી! એ વિચારવા લાગી કે આજથી એક વર્ષ પહેલા જો યશોદા બા ને પોતાના મનની મુંઝવણ કીધી ન હોત તો! આજે એની જીંદગી હજી એકલતાનાં અભિશાપ જેવી હોત! વાત જાણે એમ હતી કે માલતી એક સાધારણ દેખાવ અને સાધારણ પરિવારની ૫૦ વર્ષની વિધવા હતી. મયંક તેનો એકનો એક દીકરો પરણીને બધું ગોઠવાઈ જાય પછી તને પણ બોલાવીશ એમ કરીને મેટ્રો શહેરમાં વસી ગયો હતો! ન બોલાવતો હતો કે ન આવતો હતો. શરૂઆતમાં થોડા રૂપિયા આવતાં હતાં પણ પછી એ પણ બંધ થઈ ગયા. માલતીના પતિ એક પ્રાઈવેટ કંપનીમાં સામાન્ય કારકૂનની નોકરી કરતા હતાં એટલે એવી કોઈ સંપત્તિ મુકીને ગયા ન્હોતા. માલતી ઘણીવાર ભગવાનને કહેતી કે થોડા રૂપિયા હોત તો, સમાજ સેવા કરીને આ એકલતા દૂર કરત!

માલતી રોજ મંદિરે જતી અને આરતી પૂરી થાય એટલે પાછી આવે, મહોલ્લામાંથી યશોદા બા પણ આરતીમાં આવતા હતાં, જે ઉંમરમાં ૭૦ વર્ષના હતા! અને એ પણ એકલાં જ રહેતાં હતાં, પણ એણે ક્યારેય પોતાની એકલતાની ફરિયાદ કરી નહોતી, અને કાયમ સ્ફૂર્તિવંત રહેતા હતાં, અને શરીર હજી ટટ્ટાર હતું. માલતી એ પોતાનાં મનની વાત કરી કે થોડીઘણી સમાજ સેવા કરવાની ઈચ્છા હતી, પણ એટલાં રૂપિયા ક્યાં છે! યશોદા બા હસી પડ્યા અને કહ્યું માલતી મને તો મારો પતિ સંતાન આપી શકતી નથી એમ કરીને છોડી ગયો હતો! એક ભવમાં બે ભવ કરવા ન્હોતાં એટલે જીવનને નવો વળાંક આપવા વિચાર્યું. માલતી સમાજ સેવા રૂપિયાથી જ થાય! એવું કોણે કહ્યું? માલતી કંઈ સમજી નહીં, એટલે કહ્યું તું કાલે મારી સાથે આવજે.

બીજે દિવસે મંદિર પાસેની પરબની કોઠી ચોખ્ખા પીવાના પાણીથી ભરી ગ્લાસ અને ઢાંકણ સાફ કર્યા! સામેની બાજુએ આવેલ કેટલાય છોડને પાણી પાયું. રસ્તામાં આવતો કચરો કે પ્લાસ્ટિક એક કચરાપેટી નાખવા ગયા! કચરા પેટી આસપાસ પડેલ વેસ્ટ ફૂડ માંથી ગાય કૂતરા ખાઈ શકે એવું એને નાંખતા નાંખતા આગળ વધ્યા! રસ્તામાં કોઈ એ ખાવાનું પ્લાસ્ટિક બેગમાં નાખ્યું નથી ને ! કારણકે ગાય ખાય તો એને કેન્સર થાય છે! નકામી પ્લાસ્ટિક બેગ ખાઈ ખાઈને લાખોની સંખ્યામાં ગાય કૂતરા મરે છે, એવું કહ્યું. વળી પાછાં મંદિર પાસે આવ્યાં અને પૂજારી પાસેથી પરચૂરણ લઈ અને નાના નાના દુકાનદારોને આપ્યાં, અને એમણે સો રૂપિયે દસ દસ રૂપિયા વધુ આપ્યા, એમાંથી ઝૂંપડપટ્ટીમાં રહેતા બાળકો માટે પેન્સિલ લીધી. પેન્સિલ દેવાં ગયા એટલે એમની માતા ઓને મળીને ઓછાં સાધનથી રસોઈને શરીર સંબંધી નાની ટીપ્સ આપી! સાથે લાવેલ હળદર, હીંગ, અને અજમો જેવી ઘરઘથ્થુ ઔષધિ જેને જરૂર હતી એને આપી! માલતી સાથે એ હોસ્પિટલ પહોંચ્યાં, અને ત્યાં દાખલ થયેલાં દર્દી ઓને ફળ કે દવા લાવી આપ્યાં. આજે કેટલી ડિલિવરી થઈ છે, એની તપાસ કરીને એમને બાળકનાં જન્મ પછી કેટલાં ટીકા અને શું કામ લેવાનાં છે, એ સમજાવ્યું.

યશોદા બા એ માલતીને કહ્યું માલતી તું તો ઘણું ભણેલી છો, તો લોકોમાં આ બધી બાબતે જાગૃતિ આવે એવું પણ કંઈક વધુ સારું કરી શકે છે. ગરીબ અને અનાથ બાળકોને ભણાવી શકે છે. ઝૂંપડપટ્ટીમાં રહેતી સ્ત્રીઓને માસિકના સમયે રખાતી તકેદારી વિશે સમજણ આપી શકે છે, અને આવાં સમયે સ્વચ્છતાનું મુલ્ય સમજાવી શકે છે. હવે તો ગર્ભાશયનાં કેન્સરનો ખતરો ટાળવા મ્યુનિસિપલ કોર્પોરેશન માંથી લોકોને સેનેટરી પેડ રાહત દરે આપે છે! એ બધું સમજાવી શકે છે. એમને કે એમનાં પતિને વ્યસન મુક્તિ કેન્દ્રની જાણકારી અને એનાં લાભ વિશે વાત કરી વ્યસન છોડાવી શકે છે. માલતી કોનાં જીવનમાં સમસ્યા નથી હોતી! પણ આ લોકો આગળ આપણી સમસ્યા કંઈ જ નથી! બાકી તારી મરજી! આખી જીંદગી હે ઈશ્વર તે આમ શું કામ કર્યું! અને તેમ ન કર્યું! એમાં કાઢવી હોય તો કોઈ શું કરી શકે છે! બાકી ધારે તો તું ઘણું કરી શકે છે.

માલતીનાં મન અને મગજમાં યશોદા બા નાં માલતી તું ધારે તો ઘણું કરી શકે એમ છો! એ મર્મ વાક્યની બહુ અસર થઈ અને એણે ગાંઠ બાંધી કે રૂપિયા હોય તો જ સમાજ સેવા થાય ! એવું બિલકુલ નથી હું ઘણું કરી શકું એમ છું! પછાત અને શ્રમજીવી લોકોમાં અવર્નેસ એટલે કે જાગૃતિ આવે એ માટે થઈને એ લોકો વચ્ચે જઈ ઉદાહરણ સાથે વાતો કરવી કંઈક પ્રેકટિકલ બતાવવા, વ્યસન એ રૂપિયા અને શરીર બંને નો નાશ કરનાર છે! એ સમજાવવું! બીજું સૌથી વધુ તો આજે લોકોને પ્રેમનો અભાવ સતાવે છે, એટલે એમનું પણ કોઈ છે! એવું જતાવવું આ બધું જ એનાથી થઈ શકે! છોકરાંવને વાર્તા રૂપે આપણા શાસ્ત્રોની કથાઓ સંભળાવી શકાય! જેથી કરીને રામ, કૃષ્ણ, શિવ, દુર્ગા, જેવા ચરિત્રોથી પરિચિત કરાવી શકાય! અને આજે તો એનું જીવન સમુગળુ બદલાઈ ગયું હતું અને એ વિચારતી હતી કે મયંક છોડી ગયો નહોત તો ! આમાંનું કંઈ જ કરી શકી નહોત! મમતા વશ કદાચ એ જ આંટીઘૂંટીમાં અટવાઈને જીવતી હોત. હે ભગવાન તે મને યશોદા બા સાથે મેળવીને ધન્ય કરી દીધી, અને એટલે અંતે હું મારા અસ્તિત્વ ને સિદ્ધ કરી શકી અને આ માનવ જીવન સફળ બનાવી શકી.

મિત્રો શું નથી લાગતું કે બીજું કંઈ નહીં તો આવી થોડી અવર્નેસ રાખીને આપણે પણ સમાજ સેવા કરી શકીએ એમ છીએ?

**લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)**

### યુવતિઓ, સગીરાઓ, વિદ્યાર્થીનીઓ, પરિણીતાઓને ફસાવવાના કિસ્સામાં સતત વધારો

# મિત્રતાના નામે ફસાવી દૂષ્કર્મઃ રોકડ દાગીના પણ પડાવ્યા

## હોટેલમાં લઇ જઇ ઘેનીપીણુ પાઇ બેભાન કરી વિડીયો ફોટા લઇ તેના આધારે બ્લેકમેઇલ કરીઃ સગાઇની લાલચ દઇ શોષણ કર્યુઃ અંતે નોંધાવાઇ ફરિયાદ

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૦**

રાજકોટઃ હવસખોરી, દૂષ્કર્મ, પજવણી, છેડતીના બનાવો રોજીંદા બની ગયા છે. વધુ એક વખત એક યુવતિને પ્રેમજાળમાં ફસાવી હોટેલમાં બોલાવી દૂષ્કર્મ આચરી તેના ફોટો વિડીયો ઉતારી તે વાયરલ કરવાની ધમકી આપી શોષણ કરાયું છે. એટલુ જ નહિ આ શખ્સે યુવતિ પાસેથી દાગીના, રોકડ સહિતની માલમત્તા પણ પડાવી લીધી છે. બીજા એક કિસ્સામાં યુવતિએ ઇન્સ્ટાગ્રામ ફ્રેન્ડ હેરાન કરતો હોઇ તેનો નંબર બ્લેકલિસ્ટમાં મુકી દેતાં આ શખ્સે યુવતિના ઘરે જઇ ગાળો દઇ ડીસમીસથી હુમલો કરી દીધો હતો. પોલીસે આ ધરારપ્રેમી સામે આકરી કાર્યવાહી કરી હતી.

દૂષ્કર્મ-બળજબરીની ઘટનાની વિગતો પર નજર કરીએ તો આ બનાવ સાવરકુંડલામા રહેતી એક યુવતીને મહુવાના કોજળી ગામના યુવકે હોટેલમા બોલાવી દુષ્કર્મ ગુજાર્યુ હતુ. બાદમા આ યુવકે વિડીયો ફોટા વાયરલ કરી દેવાની ધમકી આપી સગાઇ કરવાનુ કહી સોના ચાંદીના દાગીના તેમજ ભરત ગુંથણનો માલ તેમજ રોકડ ઓળવી જઇ ધમકી આપતા આ બારામા તેની સામે સાવરકુંડલા ટાઉન પોલીસ મથકમા ફરિયાદ નોંધાવી છે. ઓગણત્રીસ વર્ષીય યુવતીએ સાવરકુંડલા ટાઉન પોલીસ મથકમા નોંધાવેલી ફરિયાદમા જણાવ્યું હતુ કે તે ચારેક વર્ષથી મહુવાના કોજળીમા રહેતા શશીક રામજીભાઇ ટાંક નામના યુવક સાથે સંપર્કમા આવ્યા હતા. એક દિવસ તેને સાવરકુંડલામા એક હોટેલમા બોલાવી હતી અને સોડા પાઇ બેહોશ કરી તેના પર દુષ્કર્મ ગુજાર્યુ હતુ. બાદમા આ યુવકે વિડીયો ફોટા વાયરલ કરી દેવાની અવારનવાર ધમકી આપી હતી.



**ઇન્સ્ટાગ્રામ ફ્રેન્ડનો નંબર બ્લેકલિસ્ટમાં મુકનાર યુવતિ પર થયો ડીસીમીસથી હુમલો**

આ યુવકે તેની સાથે સગાઇ કરી લેવાનુ કહી તેની પાસેથી સોના ચાંદીના દાગીના કિમત રૂપિયા ૪,૫૮,૧૮૮ તથા ભરત ગુંથણનો માલ તેમજ અલગ અલગ તારીખે રોકડ રકમ બળજબરીપુર્વક લીધી હતી. આ ઉપરાંત વિજુબેન રામજીભાઇ ટાંકે તેને લાફો માર્યો હતો અને નયનાબેન હિરેનભાઇ ગોહિલે તેને પકડી રાખી હતી જયારે જયશ્રીબેન રોહિતભાઇ વાગડીયાએ તેને ગાળો આપી હતી. બનાવની વધુ તપાસ પીએસઆઇ જી.એમ.જાડેજા ચલાવી રહ્યાં છે. આમ યુવતિનું શારીરિક શોષણ તો થયું જ હતું માથે જતાં આર્થિક નુકસાનીનો પણ ભોગ બનવું પડ્યું હતુ. પોલીસ આ હવસખોરને શોધકી રહી છે.

બીજા કિસ્સાની વિગતો જોઇએ તો દસકોઇના કઠવાડા સિંગરવામાં મારો નંબર કેમ બ્લેક લિસ્ટમાં નાખી દીધો છે, મારી સાથે કેમ બોલતી નથી કહી લગ્ન પૂર્વેની ઈન્સટાગ્રામ મિત્ર સાથે ઢગાએ ડખ્ખો કરી આ યુવતીના ઘેર જઈ ગાળાગાળી કરી ડીસમીસ મારતાં યુવાન સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે. કઠવાડા સિંગરવા હુડકો વસાહતમાં રહેતી એક યુવતીને એકાદ વર્ષ પહેલાં ઈન્સટાગ્રામ ઉપર સોહિલ કુરેશી રહે.દહેગામ નામના વ્યક્તિ સાથે મિત્રતા થયેલ, મિત્રતા બાદ બંને અવારનવાર મળતા અને એકબીજાના ઘરે આવતા જતા હતા. સોહિલના લગ્ન થઈ જતાં યુવતી તેની સાથે બોલતી ન હતી અને તેનો નંબર બ્લેક લીસ્ટ કરી દીધો હતો.

આ ઉપરાંત બે દિવસ પૂર્વે સોહિલ યુવતીના ઘર પાસે લાકડા લેવા ગયેલો અને યુવતીને કહેવા લાગેલ કે, તેં કેમ મારો મોબાઈલ નંબર બ્લેક લીસ્ટમાં નાખી દીધો અને બોલાચાલી ઝગડો કરવા લાગેલ. ઝગડો કરવાની ના પાડતાં ઉશ્કેરાઈ ગાળો બોલી ગડદાપાટુંનો માર મારી ખીસ્સામાંથી ડીસમીસ કાઢી યુવતીની પીઠ મારતાં યુવતીએ બૂમાબૂમ કરતા ઘરના સભ્યો આવી જતાં સોહિલ જતાં જતાં પોતાના હાથમાં રહેલ ડીસમીસ બતાવી યુવતીને જો તું મારી સાથે વાતચીત નહી કરે તો હું તને જોઈ લઈશ તેમ કહી ત્યાથી નાસી ગયો હતો. ગભરાઈ ગયેલી યુવતીએ પોલીસ કટ્રોલમાં ફોન કરતા પોલીસે આવીને સોહિલ કુરેશી વિરૂધ્ધમાં ફરીયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

# બારવણ પ્રાથમિક શાળામાં આપત્તિ વ્યવસ્થાપન તાલીમ યોજાઇ

### રેસ્ક્યુના લાઇવ ડેમોન્સ્ટ્રેશન થકી સાધનો અંગે સમજ આપતી એસ.ડી.આર.એફ.ની ટીમ





**૧૦૮ એમ્બ્યુલન્સ સેવાની ટીમે સી.પી.આર. અને પ્રિ-હોસ્પિટલ કેર વિશે માર્ગદર્શન આપ્યું**

રાજકોટ, તા. ૨૦

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (G.S.D.M.A.) દ્વારા શાળાનાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓમાં આપત્તિ વ્યવસ્થાપન વિશે જાગૃતિ કેળવવાના હેતુસર રાજ્યમાં ૨૫ જાન્યુઆરી સુધી 'શાળા સલામતી સપ્તાહ'ની ઉજવણીનું આયોજન કરાયું છે. જે અન્વયે પ્રથમ દિવસે રાજકોટ તાલુકાના બારવણ ગામ ખાતે સરકારી પ્રાથમિક શાળામાં આપત્તિ વ્યવસ્થાપનની તાલીમનો કાર્યક્રમ યોજાયો હતો.આ કાર્યક્રમમાં સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (રાજ્ય અનામત પોલીસ દળ જૂથ, ઘંટેશ્વર - ૧૩) દ્વારા વિદ્યાર્થીઓને ભૂકંપ, વાવાઝોડું, પૂર, આગ, ઔદ્યોગિક અકસ્માત જેવી સંભવિત આપત્તિઓ સામે શાળા કક્ષાએ કેવા પ્રકારના સાવચેતીનાં પગલા લેવા જોઈએ, તે બાબતે તાલીમબદ્ધ કરાયા હતા. આપત્તિ પહેલા, આપત્તિ દરમિયાન અને આપત્તિ બાદ સલામતીના જરૂરી પગલાં સૂચવાયા હતા. રેસ્ક્યુના લાઈવ ડેમોન્સ્ટ્રેશન થકી બચાવ કામગીરીમાં ઉપયોગી એવા મીની પોર્ટેબલ જનરેટર, એર બોટ, લાઈફ જેકેટ, ઈલેક્ટ્રીક કટર, સ્મોક વેન્ટીલેટર, એર બેગ, બેઝ લાઈટ સહિતના સાધનો અંગે સરળ ભાષામાં સમજ અપાઈ હતી.આ ઉપરાંત, ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા ટીમ દ્વારા સી.પી.આર. (કાર્ડિયો પલમોનરી રિસાઈટેશન) એટલે કે કૃત્રિમ શ્વાસોચ્છવાસ આપવાની પદ્ધતિ તથા અકસ્માત સમયે તાત્કાલિક પ્રિ-હોસ્પિટલ કેર (પ્રાથમિક તબીબી સારવાર) આપવા વિશે લાઈવ પ્રેઝન્ટેશનના માધ્યમથી માર્ગદર્શન અપાયું હતું. ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાની કામગીરી વિષયક વિસ્તૃત જાણકારી અપાઈ હતી. તેમજ જો વાહન અકસ્માતમાં ઈજાગ્રસ્ત વ્યક્તિ જૂએ તો તુરંત ૧૦૮ હેલ્પલાઈન પર કોલ કરવા અનુરોધ કર્યો હતો.આ તકે સરપંચ પ્રકાશબેન સોરાણી, તાલુકા મામલતદાર કે. એચ. મકવાણા, ડીઝાસ્ટર મામલતદાર અશ્વિનભાઈ દોશી, એસ. ડી.આર.એફ. પી.એસ.આઇ. વી. એચ. ડાંગર, ડીઝાસ્ટર ડિસ્ટ્રીક્ટ પ્રોજેક્ટ ઓફિસર પૂજાબેન વાઘમોરે, ૧૦૮ ઈમર્જન્સી મેનેજમેન્ટ એકઝીક્યુટીવ યોગેશભાઈ જાની, શાળાના આચાર્ય કિરીટસિંહ વાળા સહિત ડિઝાસ્ટર મેનેજમેન્ટ, ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા અને શાળાનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# ખેલ મહાકુંભ ૩.૦ : રાજકોટ ખાતે વોલીબોલ સ્પર્ધા

### ભાઇઓમા ૧૪ તથા ૧૭ વર્ષ સુધીની વય જૂથમાં તપોવન સ્કૂલ પ્રથમ નંબરે





રાજકોટ તા.૨૦

રાજકોટ જિલ્લામાં ખેલ મહાકુંભ સ્પર્ધા આગળ વધી રહી છે, જે અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ યોજાઈ રહી છે. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા સંચાલિત રમત સંકુલ ખાતે યોજાયેલ વોલીબોલ સ્પર્ધામાં વિવિધ ઉંમરની કેટેગરીમાં ભાઈઓ તથા બહેનોએ ભાગ લઈને પોતાનું હુન્નર બતાવ્યુ હતુ. રાજકોટ શહેર કક્ષાની

આ સ્પર્ધામાં ભાઈઓમા ૧૪ તથા ૧૭ વર્ષ સુધીની વય જૂથમાં તપોવન સ્કૂલ પ્રથમ નંબરે , ભાઈઓમા ઓપન એઈજમાં વોર ટીમ પ્રથમ નંબરે વિજેતા થયા હતા.

બહેનોમાં ૧૪ વર્ષ સુધીની વય જૂથમાં એસ.એન.કે. સ્કૂલ, ૧૭ વર્ષની વય જૂથમાં કે.વી.કે.વી.સ્કૂલ તથા બહેનોમાં ઓપન એજમાં જય જલારામ ટીમ પ્રથમ નંબરે વિજેતા થયા હતા. ખેલ મહાકુંભ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ યોજાઇ રહી છે. આ સ્પર્ધાઓમાં રમતવીરો પોતાનું કૌવત બતાવી રહ્યા છે ત્યારે રાજકોટ ખાતે વોલીબોલની સ્પર્ધા યોજાઈ હતી, જેમાં જુદી-જુદી ટીમના રમતવીરોએ ભાગ લીધો હતો.

### રસ્તા પર એક યુવતિએ સ્માઇલ આપી અને વૃધ્ધ પાણી-પાણી થયા બાદ હનીટ્રેપની જાળમાં સલવાયા

# મધમધતી મુલાકાત માટે રૂમમાં ગયેલા વૃધ્ધને ડરાવી તોડ કરાયો

## બે યુવતિ સહિત ચાર જણાએ પાંસઠ વર્ષના વૃધ્ધનો વિડીયો બનાવી બ્લેકમેઇલ કર્યાઃ મિત્રને વાત કરતાં પોલીસ ફરિયાદ નોંધાવાઇ

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૦**

રાજકોટઃ અવાર-નવાર યુવતિ અને સાગ્રીતો અલગ અલગ ટોળકીઓ રચી યુવાનો, વૃધ્ધો, વેપારીઓને મોહજાળમાં ફસાવી બ્લેકમેઇલ કરી નાણા પડાવતાં હોવાના કિસ્સા સામે આવતાં રહે છે. હનીટ્રેપના બનાવોમાં અત્યાર સુધીમાં અનેક ટોળકીઓ જેલભેગી થઇ ચુકી છે. ત્યાં વધુ એક આવો બનાવ સામે આવ્યો છે જેમાં એક યુવતિએ પાંસઠ વર્ષના વૃધ્ધને રસ્તા પર ચાલતા ચાલતાં સ્માઇલ આપી હતી. આ એક મીઠી લલચામણી સ્માઇલથી વૃધ્ધ પાણી-પાણી થઇ ગયા હતાં અને વાત આગળ વધતાં આ યુવતિની જાળમાં ફસાઇ ગયા હતાં. વૃધ્ધને મધુરા મિલનની મધલાળ બતાવી એક મકાનમાં બોલાવાયા બાદ આ યુવતિ, અન્ય એક મહિલા સહિતની ટોળકીએ તેમને હનીટ્રેપમાં ફસાવી સવા લાખ પડાવી લીધા હતાં. પોલીસે બે મહિલા સહિતની ટોળકી સામે એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી છે.

બુલાતી હૈ પર જાને કા નહિ...આ વાતની વધુ એક વખત પ્રતીતિ કરાવતી ઘટના સામે આવી છે. હીરાના ધંધા સાથે સંકળાયેલા વરાછાના ૬૫ વર્ષીય વૃદ્ધને બે મહિલા સહિત ચાર લોકોની ટોળકીએ હની ટ્રેપમાં ફસાવી સોનાની વીટી સહિત સવા લાખની મતા પડાવી હતી. વૃદ્ધની ફરિયાદના આધારે પોલીસે નિલેશ ગોસ્વામી, ગૌતમ, મનીષા અને કિંજલ સામે ગુનો નોંધ્યો છે. વરાછાના પાંસઠ વર્ષના વૃદ્ધ કારમાં જઇ રહ્યા હતા ત્યારે રસ્તામાં એક મહિલાએ સ્માઇલ આપી હતી. ત્યાર બાદ બંને વચ્ચે ફોન નંબરની આપ લે થઇ હતી. મહિલાએ વૃદ્ધને પ્રેમજાળમાં ફસાવી વરાછાની વર્ષા સોસાયટીના એક મકાનમાં બોલાવ્યો હતો. મહિલા વૃદ્ધને સોસાયટીમાં એક મકાનમાં ત્રીજા માળે લઈ ગઈ હતી. જ્યાં તેણી શરીર સંબંધ બાંધવાનો ડોળ કરી વૃદ્ધ પાસે કપડા કઢાવ્યા હતા. ત્યાં બે શખ્સો અને એક મહિલા ત્યાં આવી જઇ મોબાઇલમાં વિડીયો ઉતારી લીધો હતો.

વૃદ્ધને કહ્યું કે પૈસા આપવા પડશે એમ કહી બ્લેકમેલીંગ કરવા લાગ્યા હતા. એટલું જ નહિ વૃદ્ધનો આ વિડીયો સોસીયલ મીડિયા પર વાયરલ કરવાની ધમકી અને રેપના ગુનામાં ફસાવી દેવાની ધમકી આપી પૈસાની માંગણી કરી હતી. વૃધ્ધ પાસેથી સોનાની બે વીંટી અને રોકડ સહિત સવા લાખ રૂપિયાની રકમ પડાવી લીધી હતી. હનીટ્રેપનો શિકાર બનેલા વૃદ્ધએ તેના મિત્રને આ બાબતે કરી હતી. શરૂઆતમાં વૃધ્ધ બદનામી થવાના ડરે ફરિયાદ આપવા તૈયાર થતા ન હતા. જો કે પોલીસે તેઓને સમજાવ્યા બાદ ફરિયાદ આપવા તૈયાર થયા હતા. આ બંને મહિલાઓએ અન્ય લોકોને પણ હનીટ્રેપમાં શિકાર બનાવ્યા હોવાની વાત છે.બીજા એક બનાવમાં નકલી પોલીસે યુવાનનું અપહરણ કરી દસ લાખની ખંડણી માંગી બેંકમાંથી નાણા ટ્રાન્સફર કરાવી લીધા હતાં. પોલીસે આ ગુનામાં ત્રણને પકડી લીધા છે. વડોદરા શહેરમાં પોલીસની ખોટી ઓળખ આપી ફરિયાદીનું અપહરણ કરી ધાક-ધમકી આપી અને ખંડણીની માંગણી થઇ હતી. શહેરનાં કપુરાઈ પોલીસ મથકમાં અપહરણ, ખંડણી અને ધાક-ધમકી આપનાર શખસો સામે ફરિયાદ નોંધવામાં આવી હતી. આ બનાવમાં ફરિયાદી આશિક હસન મુલ્લા ધંધો કલરકામ રહે, મકાન નંબર ૪૩૧ આદર્શ નગર મોટી મસ્જિદ પાછળ તરસાલી બાયપાસ ધાનીયાવી રોડ વડોદરાને આરોપીઓએ પોતે ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચ પોલીસ સ્ટેશનમાંથી આવ્યા હોવાની ખોટી ઓળખ આપી ફરિયાદીને માર મારતા મારતા અપહરણ કરી તેઓને ગાડીમાં બેસાડી વડોદરાથી અમદાવાદ લઈ ગયા હતા. બાદમાં ફરિયાદીને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી રૂપિયા દસ લાખની ખંડની માગી હતી. જો પૈસા નહીં આપે તો જાનથી મારી નાખીશું તેવી ધમકી આપી હતી. ત્યારબાદ ફરિયાદીના બેંક એકાઉન્ટમાંથી અને તેઓની માનીતી બહેનના બેંક એકાઉન્ટમાંથી અલગ અલગ બળજબરીપૂર્વક રૂપિયા ૧,૪૫,૭૦૦ ટ્રાન્સફર કરાવી દીધા હતા. સાથે જ મોબાઈલ ફોન લઈ ફરિયાદીને અમદાવાદ રાત્રિના સમયે ઉતારી દિધો હતો. આ બનાવ અંગે કપુરાઈ પોલીસ મથકના પોલીસ ઇન્સ્પેક્ટર ડી. સી. રાઓલ સહિતની ટીમ દ્વારા આરોપીઓને ગણત્રીના કલાકોમાં જ ઝડપી પાડવા માટે ટીમ બનાવી કામગીરી હાથ ધરી હતી. જેમાં સીસીટીવી ફૂટેજના આધારે અને ટેકનિકલ સર્વેલન્સ આધારે આ ગુનામાં સંડોવાયેલા ત્રણ આરોપીને ગણતરીના કલાકમાં ઝડપી પાડ્યા છે. આ ગુનામાં પોલીસે કરેલી કાર્યવાહીમાં જયકુમાર કાંતિભાઈ ચંદુભાઈ મેતિયા (ઉંમર વર્ષ ૨૪ હાલ રહે બ્લોક નંબર ૪ મકાન નંબર ૩૦૬ ચાણકય એપાર્ટમેન્ટ યુનિક આશિયાના સોસાયટીની બાજુમાં ગોતા અમદાવાદ મૂડ રહે નિન્દ્રોડા સિધ્ધપુર પાટણ), ચિરાગ અમરતભાઈ મણાભાઈ ચાવડા (ઉંમર વર્ષ ૨૫ હાલ રહે ૧૦૭ મંજી ભીલની ચાલી જૂની મસ્જિદની નજીક અમરાવાડી અમદાવાદ, મૂળ રહે ગામ ચંદ્રુમણા પાટણ), મોહમ્મદ ઈમરાન નઈમભાઈ મેમણ (ઉંમર વર્ષ ૨૪ હાલ રહે બ્લોક મકાન નંબર ૩૦૪ લક્ઝુરીયા રેસીડેન્સી આર. સી ૮૫ રોડ ફતેવાડી અમદાવાદ મૂળ રહે આઈસા મંઝિલ પાલનપુર ડીસા બનાસકાંઠા)ને ઝડપી વધુ તપાસ શરૂ કરી હતી.



**અન્ય કિસ્સામાં યુવાનનું પોલીસના નામે અપહરણ કરી ખંડણી પડાવનારા ચાર ઝડપાયા**

# દારૂના ૫ દરોડામાં ૧૬૩ બોટલ સાથે ૯ ઝડપાયા

## રૂ.૧,૬૫,૧૮૮ના મુદ્દામાલ કબજે કરતી રાજકોટ તાલુકા, કુવાડવા, ભક્તિનગર, આજીડેમ તેમજ ડી.સી.બી. પોલીસ

રાજકોટ, તા.૨૦

શહેરમાં જુદા જુદા સ્થળોએ દારૂના ચાર દરોડામાં પોલીસે ૧૬૩ બોટલ સાથે ૯ સખ્શને રૂ. ૧,૬૫,૧૮૮ના મુદ્દામાલ સાથે ઝડપી લઈને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ એલ.સી.બી પોલીસના કોન્સ. દિવ્યરાજસિંહ કાળુભા જાડેજા, એ.એસ.આઈ મનરૂપગીરી ભરતગીરી ગોસ્વામી, કોન્સ્ટેબલ સત્યજીતસિંહ જાડેજા, રવિરાજભાઈ પટગીર સહિતનો સ્ટાફ પેટ્રોલિંગ દરમ્યાન બાતમી મળી હતી કે સોખડા ચોકડીથી બેડી ચોકડી તરફ એક જીજે ૦૩ એબી ૮૯૭૭ નંબરની કાર વિદેશી દારૂનો જથ્થો લઈને આવે છે.

બાતમી પરથી પોલીસે સોખડા ચોકડીથી બેડી ચોકડી નજીક કાર રોકી તલાશી લેતા પોલીસને તેમાંથી દારૂની ૧૩૨ બોટલ મળી હતી.

દરમિયાન પોલીસે કારમાં બેઠેલા શખ્સની પૂછપરછ કરતા પોતે મહિપાલસિંહ મહેન્દ્રસિંહ જાડેજા (રહે. મૂડીલા ગામ તા. કાલાવડ જી. જામનગર હાલ સ્લમ ક્વાર્ટર્સ યુનિવર્સિટી રોડ) હોવાનું જણાવ્યું હતું. તો કારનું પાઈલોટિંગ કરતો સબીર ઈકબાલભાઈ અબાસી (રહે. ભગવતીપરા રિધ્ધિ સિધ્ધિ સોસાયટી શેરી નંબર ૪ ) એમ બંને ઝડપાઈ



ગયા હતા. જ્યારે નાસી છુટેલા શખ્સોમાં સાજીદ રજાકભાઈ લીંગડીયા, ફૈઝલ ઉર્ફે કાચબો ઉનેશભાઈ ઠાસરીયા (રહે. બંને જંગલેશ્વર)ના હોવાનું જણાવ્યું હતુ પોલીસે દારૂ, કાર, મોબાઈલ સહિત રૂ. ૧,૪૬,૦૦૦ નો મુદ્દામાલ કબજે કરી ધોરણસર કાર્યવાહી કરી હતી.

બીજા દરોડામાં પી.સી.બી. પોલીસના હરદેવસિંહ જગતસિંહ રાણા એ.એસ.આઇ મહિપાલસિંહ દશરથસિંહ ઝાલા અટીકા ફાટક મેઈન રોડ, આહીર ચોક પાસે બાતમી મળી હતી કે ખોડીયાર સ્ટીલ ફર્નિચરના કારખાનામાં નિતીન ખાચરિયા નામનો શખ્શ વિદેશી દારૂનું વેચાણ કરે છે. આવી બાતમી મળતા પોલીસે નીતિન ખાચરિયા (રહે. પુનિત નગર ૮૦ ફુટ રોડ, મટુકી હોટલની બાજુમાં, અવસર એપાર્ટમેન્ટ, ફ્લેટ નંબર ૫૦૨)ને પકડી પાડ્યો હતો. પોલીસે તેમની પાસેથી વિદેશી દારૂની ૧૧ બોટલ કબજે કરી હતી. દારૂ કલ્પેશ ગોહેલ (રહે. સાંકળવા ગામ, તા. કોટડા સાંગાણી) વાળો મૂકી ગયો હોવાનું બહાર આવ્યું હતું. આ સાથે પોલીસે દારૂની દારૂ સહીત રૂ.૭૪૬૮ નો મુદ્દામાલ કબજે કરી બંને શખ્સો સામે કાયદેસરની કાર્ય વાહી કરી હતી.

ત્રીજા બનાવમાં ત્રીજા બનાવ માં ડી. સી. બી. પોલીસના કોન્સ. હરસુખભાઈ, હેડ. કોન્સ. કૃષ્ણદેવસિંહ ઝાલા, અર્જુનભાઈ ડવ, એ.એસ.આઈ જયદીપસિંહ વાઘેલા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. ત્યારે ત્રિશુલ ચોક પાસે બાતમી મળી હતી કે સહકાર મેઈન રોડ કૃષ્ણજી શેરી નંબર-૪ માં કલ્પેશ જેઠાભાઈ ડાભી પોતાની ઓરડીમાં વિદેશી દારૂનું વેચાણ કરે છે. આવી બાતમી મળતા પોલીસે કલ્પેશ ઉર્ફે કલો જેસાભાઇ ડાભી (રહે. સહકાર મેઈન રોડ કૃષ્ણજી ૪ સોસાયટી કલ્યાણ હોલની સામે)ને પકડી પડ્યો હતો. પોલીસે તપાસ કરતા કલ્પેશ પાસેથી દારૂની ૧૨ બોટલો મળી હતી. પોલીસે દારુ મળી રૂ. ૭૨૦૦નો મુદ્દામાલ કબજે કરી પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી હતી.

ચોથા બનાવવામાં આજીડેમ પોલીસ સ્ટેશનના કોન્સ. ગોપાલભાઈ બાથાભાઈ બોળીયા, હરપાલસિંહ જાડેજા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગ દરમિયાન કોઠારીયા પાસે પહોંચતા બાતમી મળી હતી કે રાજકોટ કોઠારીયા ફાટક પાસે મંગલેશ્વર મહાદેવના મંદિર પાસે યાદવ હાઈડ્રોલિક સાબાન અંસારીની સોફાની દુકાનમાં પાણીનો જગ છે તો જગમાં વિદેશી દારૂની બોટલો ભરેલી છે. આવી બાતમી મળતા પોલીસે તપાસ કરતાં પાણીના જગમાં વિદેશી દારૂની બોટલો જોવા મળી હતી. પોલીસ પૂછપરછ કરતા પોતે ભાવેશ છગનભાઈ વાવડીયા (રહે. નારાયણ નગર મેઈન રોડ, કન્યાચોક, કોઠારીયા સોલવન્ટ) ને પકડી પાડી દારૂની ચાર બોટલ સાથે રૂપિયા ૨૫૨૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો પોલીસે આ શખ્શ સામે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી કરી હતી.

પાંચમાં દરોડામાં રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનના મહાવીરસિંહ ધિરૂભા જાડેજા પેટ્રોલીંગ દરમિયાન ભીમનગર સર્કલ પાસે એક શખ્શ સંકાસ્પદ લાગતા, પૂછપરછ દરમિયાન રાજુ પીઠાભાઈ કંટારીયા (રહે. નાનામવા આંબેડકર નગર ૨ શેરી નંબર ૩) ને વિદેશી દારૂની ૪ બોટલ સાથે પકડી પાડયો હતો. પોલીસે રૂ.૨૦૦૦નો મુદ્દામાલ કબજે કરી તેમની સામે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

# રઘુવંશી યુવા શક્તિ સંઘ દ્વારા કાલે મહા રક્તદાન કેમ્પ

## રાજવી વીર રાણા જશરાજજીના ૯૬૭ માં શૌર્ય દિન નિમિતે યોજાનાર કેમ્પમાં રક્તદાન કરવા અપીલ




રાજકોટ, તા.૨૦

શ્રી રઘુવંશી યુવા શક્તિ સંઘ દ્વારા આવતીકાલે તા. ૨૨ના રોજ હિંદુ ધર્મ રક્ષક, ગૌ રક્ષક, રઘુકુળ ભૂષણ અને લાહોરગઢ અંતિમ રાજવી વીર રાણા જશરાજજીના ૯૬૭ માં શૌર્ય દિન નિમિતે ભવ્ય ''મહારક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. બુધવારે રઘુકુલ ભૂષણ અને લાહોરગઢ (હાલ પાકિસ્તાન સ્થિત) ના અંતિમ હિન્દુ અને રઘુવંશી રાજવી રાણા જશરાજજી ના ૯૬૭મો શૌર્ય દિન છે.

શ્રી રઘુવંશી યુવા શક્તિ સંઘ દ્વારા આ દિવસે રાજકોટ જિલ્લા સંગઠનની ટીમ દ્વારા રેસકોર્ષ મેઈન રોડ ખાતે આવેલ 'લાઈફ કેર બિલ્ડિંગ ખાતે સવારે ૯ વાગ્યા થી બપોરે ૪ વાગ્યા સુધીનું ભવ્ય મહારક્તદાન કેમ્પનું આયોજન કરાયું છે. આ રક્તદાન કેમ્પમાં રાજકોટ શહેર ઉપરાંત જામનગર, જૂનાગઢ. ગોંડલ, જેતપુર, મોરબી, સુરેન્દ્રનગર અમદાવાદ કચ્છ વગેરે જિલ્લા અને તાલુકાએ થી મોટી સંખ્યામા રઘુવંશી યુવાનો રક્તદાન કરવા હાજર રહેશે. આ કેમ્પ માં રક્તદાન કરવા ઈચ્છક તમામ રકતદાતાઓ એ મોબાઈલ નંબર ૯૯૧૩૩ ૬૦૩૭૦ પર પોતાનું નામ રજીસ્ટ્રેશન કરાવી લેવા સંગઠન તરફથી અનુરોધ કરાયો છે. આ કાર્યક્રમ માં રઘુવંશી સમાજના તેમજ અન્ય સમાજના રાજકીય બાગવાનો રઘુબશી અગ્રણી અને રાજકોટ શહેર ભાજપ પૂર્વ પ્રમુખ ક્મલેશભાઈ મીરાણી, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, રઘુવશી મહિલા અગ્રણી અને રાજકોટ શહેર ભાજપ ઉપપ્રમુખ કાશ્મીરાબેન નથવાણી, રાજકોટ જિલ્લા મહિલા મોરચો ભાજપ પ્રમુખ સોનલબહેન વસાણી, કોંગ્રેસના શહેર પ્રમુખ અતુલભાઈ રાજાણી, ધારાસભ્ય ડો.દર્શિતાબહેન શાહ,મેયર નયનાબહેન પેઢડીયા, રાજકોટ મહાનગર પાલિકા સ્ટેડનિંગ ચેરમેન જૈમિનભાઈ ઠાકર વિગેરે હાજર રહેશે.

આ કાર્યક્રમ ને સફળ બનાવવા માટે સંગઠનની ટીમના તમામ હોદેદારો અને સભ્યો ભારે જહેમત ઉઠાવી રહ્યા હોવાનું સંગઠનના વોર્ડ સંયોજક બિરેન જોબનપુત્રા, ભુમીતભાઈ રામાણી, કૃણાલભાઈ હિંડોચા, કપિલભાઈ ચોટાઈ, આદિત્યભાઈ ખંધેડીયા, નિર્મિતભાઈ સેતા, કેયુરભાઈ કોટક વિગેરેએ જણાવ્યું હતું.

# ચીભડા રોડ પર રિક્ષા પલ્ટી મારી જતા શ્રમિક યુવકનું મોત

## રિક્ષામાં સવાર પાંચેક લોકોને સામાન્ય ઈજાઃ મૃતક યુવક મેટોડા જીઆઈડીસીમાં કામ કરતો'તોઃ પરિવાર શોકમય

રાજકોટ મિરર, તા.૨૦

મેટોડા જીઆઈડીસીમાં મજુરી કામ કરતો મનોહર બાંમ્બિયા નામનો યુવક રિક્ષામાં જતો હતો ત્યારે ચીભડા રોડ પર રિક્ષા પલ્ટી મારી જતા યુવકનું મોત નિપજયું હતું.

બનાવ અંગે મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ મેટોડા જીઆઈડીસી ગેટ નં- ૩માં રહેતો મનોહર મુકેશભાઈ બાંમ્બિયા (ઉ.વ.૩૯) નામનો યુવક સવારનાં રિક્ષામાં બેસીને કામે જતો હતો ત્યારે ચીભડા રોડ ગૌશાળાની પાસે પહોચતા રિક્ષા પલ્ટી મારી જતાં રિક્ષામાં સવાર પાંચેક લોકોને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. જ્યારે મનોહરને ગંભીર ઈજાઓ પહોંચતા તાકિદે તેઓને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

જ્યાં સારવારમાં દમ તોડી દિધો હતો. યુવક મૂળ મધ્ય પ્રદેશનો વતની હતો. અહીં કારખાનામાં મજુરી કામ કરતો હતો. તેને સંતાનમાં બે પુત્રી હોવાનું જાણવા મળ્યું હતું.



# કારખાનામાં દાઝી ગયેલ ઉદયરાજ યાદવનું સારવારમાં મોત

## દશેક દિવસ પહેલા વાવડીના કારખાનામાં ત્રણ શ્રમિકો દાઝી ગયા'તાઃ પરિવાર શોકમય

રાજકોટ મિરર, તા.૨૦

વાવડીમાં આવેલ સ્ક્રેપના કારખાનામાં દસેક દિવસ પહેલા આગ ભભુકી ઉઠી હતી. જ્યાં કારખાનાંમાં કામ કરતાં ત્રણ શ્રમિકો ગંભીર રિતે દાઝી જતા તાકિદે તેઓને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેમાં એક શ્રમિક યુવકનું સારવારમાં મોત નિપજ્યું છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ વાવડી ઈન્ડસ્ટ્રીયલ સત્યનારાયણ વે બ્રિજ પાછળ આવેલા ઝા એન્ટરપ્રાઈઝ સ્ક્રેપના કારખાનામાં દસેક દિવસ પહેલા પ્રેસ મશીનરીમાં આગ ભભુકતા નાસભાગ મચી જવા પામી હતી. બનાવ અંગે કારખાનાના માલિક ચંદુભાઈ ઝાએ તુરંત ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ફાયર ફાયટરો સ્થળ પર દોડી જઈ સતત અડધો કલાક સુધી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. કારખાનાંમાં આગ લાગી દરમિયાન કારખાનામાં કામ કરતા ઉદયરાજ પ્યારેભાઈ યાદવ (ઉ.વ.૪૫) અને મગરે ભગવાનદાસ યાદવ (ઉ.વ.૩૦) અને અન્ય એક શ્રમિક ગંભીર રીતે દાઝી ગયા હતા. બાદ ત્રણેયને સારવારમાં ખસેડાયા હતા. જેમાં ઉદયરાજ યાદવએ સારવારમાં દમ તોડી દેતાં ગમગીની છવાઈ ગઈ છે. બનાવ અંગે રાજકોટ તાલુકા પોલીસે કાર્યવાહિ કરી હતી.

# મુસ્કાનનો ફોન આવતાં અજય હોંશે હોંશે ગયો, થોડીવારમાં લોહીલુહાણ થઇ હોસ્પિટલમાં પહોંચ્યો!

## ચુનારાવાડના યુવાનને માધાપર ઓવર બ્રીજ બેડી ચોકડી નજીક ટોળકીએ ફટકાર્યોઃ રહીશે હુમલો કર્યાનું રટણઃ મુસ્કાન કોણ? તે અંગે ફરતી ફરતી વાતો




રાજકોટઃ બટાઝટીની વધુ એક ઘટનામાં વહેલી સવારે પાંચેક વાગ્યે માધાપર ચોકડી ઓવરબ્રીજથી બેડી ચોકડી તરફના રસ્તે રવેચી હોટલ નજીક ચુનારાવાડ ચોક શેરી નં. ૧માં રહેતાં અજય સંજયભાઈ સોલંકી નામના યુવાનને ટોળકીએ બેફા માર મારી બેઠક પર છરીના ઘા ઝીંકી દેતાં લોહીલુહાણ હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. અજયએ હોસ્પિટલ ચોકીના સ્ટાફની પ્રાથમિક પુછતાછમાં પોતાને રહીશ ખાટકી અને અજાણ્યા શખ્સે છરીથી ઈજા પહોંચાડી ઢીકાપાટુ માર્યાનું કહેતાં પોલીસ સ્ટેશનમાં નોંધ કરાવાઈ હતી.

આ હુમલાની ઘટના બારામાં હોસ્પિટલના ખાટલેથી અજયએ જણાવ્યું હતું કે પોતે છુટક ડ્રાઈવીંગ કામ કરે છે અને સંતાનમાં એક પુત્ર છે. તેણે મુસ્કાનને બહેન બનાવી છે. વહેલી સવારે પાંચેક વાગ્યે મુસ્કાને મને ફોન કરી પોતે માધાપર ચોકડીએ હોઇ ત્યાંથી ઘરે મુકી જવાનું કહેતાં પોતને એક્ટીવા લઇ ત્યાં ગયો ત્યારે ત્યાં નીશુ પણ હતી. આ બંનેની સાથે ભગવતીપરાનો રહીશ ઝઘડો કરતો હોઇ પોતે વચ્ચે પડતાં રહીશ સહિતનાએ છરીથી હુમલો કરી મુંઢ માર માર્યો હતો. તેમજ બેઠક પર છરીના ઘા ઝીંકી દીધા હતાં. જો કે રહીશે હુમલો શા માટે કર્યો? તે અંગે અજયએ ગોળ ગોળ વાતો કરી હતી. આ અંગે પોલીસે વિશેષ તપાસ શરૂ કરી હતી.

વહેલી સવારે મુસ્કાને ફોન કરીને અજયને માધાપર ચોકડીએ આવી પોતાને ઘરે મુકી જવાનું કહેતાં અજય પત્નિને પોતે ડ્રાઈવીંગના કામે જાય છે એવુ ખોટુ બોલીને હોંશે હોંશે ઘરેથી નીકળ્યો હતો. પણ થોડી જ વાર પછી પત્નિને ખબર પડી હતી કે તેના પતિ પર હુમલો થયો છે અને તે લોહીલુહાણ થઇ હોસ્પિટલમાં પહોંચ્યો છે. પોલીસે હુમલાખોરો કોણ? કારણ શું? તેની તપાસ શરૂ કરી છે.

# અહિથી નીકળ્યા જ કેમ?...ભજીયાવાળા સહિત ચાર જણે બે મિત્રોને ધોકા-પાઈપના ઘા ફટકાર્યા

## કોઠારીયા રોડ બાલાજી હનુમાન મંદિર પાસે ઘટનાઃ બંનેને સારવાર માટે દાખલ થવું પડ્યું

રાજકોટઃ રંગીલા રાજકોટની પ્રજા શાંતિપ્રિય ગણાય છે. પરંતુ આમ છતાં આ પ્રજાજનો વચ્ચે એવા પણ લોકો રહે છે જેઓ કોઇ ને કોઇ કારણોસર મગજનો પારો ગુમાવી બેસે છે અને સરાજાહેર એક બીજા પર હાથમાં આવ્યું એ હથીયારથી તૂટી પડે છે. રોજ આવી ઘટનાઓ પોલીસ દફ્તર સુધી પહોંચતી રહે છે.

આવો વધુ એક બનાવ બન્યો છે જેમાં કોઠારીયા રોડ હુડકો ચોકડી પાસે રહેતાં યુવાન અને તેના મિત્ર પર કોઠારીયા રોડ બાલાજી હનુમાન મઢી નજીક ચાર શખ્સોએ તમે અહિથી શુ કામ નીકળ્યા? કહી બેફામ માર મારતાં ધોકા-પાઇપ અને ઢીકાપાટુથી ફટકારતાં બને ભાઇબંધોને હોસ્પિટલના ખાટલે પહોંચવાની વેળા આવી હતી.

સરાજાહેર હુમલા બટાઝટીની ઘટનાની વિગતો પર નજર કરીએ તો કોઠારીયા રોડ હુડકો ચોકડી પાસે રાધેશ્યામ સોસાયટીમાં રહેતો અને ઓનલાઇન કંપનીમાં ડિલીવરી બોય તરીકે કામ કરતો એકવીસ વર્ષનો કુલદિપસિંહ જનકસિંહ ડાભી અને તેનો મિત્ર વીસ વર્ષનો કિર્તન કનૈયાલાલ અજાગીયા સાંજે આઠેક વાગ્યે કોઠારીયા રોડ બાલજી હનુમાન મઢી નજીક પાણીના પરબ પાસેભરત કુવાડીયાની ભજીયાની રેંકડી પાસેથી ટુવ્હીલર પર નીકળતા ચાર શખ્સોએ આંતરી ઝઘડો કરી પાઇપ-ધોકાથી માર મારતાં બંનેને સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના આસી. સબ ઇન્સ. રામશીભાઇ, અશ્વિનભાઇ, તૌફિકભાઇ, ભાવેશભાઇ, ધર્મેન્દ્રભાઇએ આજીડેમ પોલીસને જાણ કરી હતી. આજીડેમ પોલીસ સ્ટેશનના આસી સબ ઇન્સ. એચ. વી. મોરવાણીયાએ હોસ્પિટલે પહોંચી કુલદિપસિંહની ફરિયાદ પરથી મેહુલ કુવાડીયા, ભરત કુવાડીયા, દાના કુવાડીયા અને મયુર કુવાડીયા વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો.

કુલદિપસિંહના કહેવા મુજબ હું અને મિત્ર કિર્તન ભરતની ભજીયાની રેંકડી પાસેથી નીકળતાં તેણે તમારે અહિથી નીકળવું નહિ તેમ કહી ઝઘડો કરી ગાળો દેતાં ગાળો બોલવાની ના પાડતાં ભરત સહિતના ચારેયએ પાઇપ-ધોકાથી હુમલો કરી તેમજ ઢીકાપાટુનો માર માર્યો હતો. મારને કારણે કુલદિપસિંહ અને તેના મિત્રને સારવાર માટે દાખલ થવાની નોબત આવી હતી.

# માનસિક અસ્વસ્થ રમેશભાઇએ થાંભલે ચડી વિજતાર પકડી લેતાં કમકમાટીભર્યુ મોત

## કુવાડવા નજીકના રામપર બેટી ગામની ઘટનાઃ પરિવાર અને ગામમાં અરેરાટી

રાજકોટઃ અપમૃત્યુની ઘટનામાં વધુ એક બનાવનો ઉમેરો થયો છે. કુવાડવાના રામપર બેટી ગામે રહેતાં ચાલીસ વર્ષના રમેશભાઇ કમુભાઇ પચાયા નામના યુવાને ગામમાં કૈલાસ પાન નામના ગલ્લા પાસે આવેલા ઈલેકટ્રીકના થાંભલા પર ચડી જઇ જીવતો વિજવાયર પકડી લેતાં અરેરાટીભર્યુ મોત થયું હતું. બનાવને પગલે મોટી સંખ્યામાં લોકોના ટોળા ભેગા થઇ ગયા હતાં.

કોઇએ જાણ કરતાં ઘટનાને પગલે ૧૦૮ પહોંચી હતી. તેના ઈએમટી ડોક્ટર જગદીશ બાવળીયાએ રમેશભાઇ મૃત્યુ પામ્યાની જાણ કરતાં એરપોર્ટ પોલીસ સ્ટેશનના પીએસઆઇ એસ. એસ. જાડેજા અને દિનેશભાઇએ ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી હતી. વિજ સપ્લાય બંધ કરાવડાવી મૃતદેહ નીચે ઉતવારી પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો.

પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ રમેશભાઇ બે ભાઇમાં મોટા હતાં. તેના લગ્ન થઇ ગયા હતાં અને સંતાન પણ છે. માનસિક અસ્વસ્થતાને કારણે તેણે વિજ થાંભલે ચડી જઇ તાર પકડી લીધો હતો. બનાવ આપઘાતનો છે કે કેમ? તેની તપાસ યથાવત રાખવામાં આવી હતી.

# ભગવાનના ફોટાવાળી લાદી તોડનારા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવનારને પણ બનવું પડ્યું આરોપી!

## નેપ્ચ્યુન ટાવરમાં લાદી તોડી વિડીયો બનાવનારા કમલેશ વિરૂધ્ધ વરૂણ ડાંગરે ફરિયાદ નોંધાવી પછી કમલેશના ઘરે જઇ તે હાજર ન હોઇ તેના પત્નિ-માતાને ધમકી કહેલુ કે-સવારે કમલેશ પોલીસ સ્ટેશને નહિ આવે તો તમારી ખેર નથી!

રાજકોટઃ શહેરના કાલાવડ રોડ પર નેપ્ચ્યુન ટાવરમાં ભગવાનના ફોટાવાળી લાદી તોડી વિડીયો બનાવી ધાર્મિક લાગણી દુભાવનારા કમલેશ નામના શખ્સ સામે નેપ્ચ્યુન ટાવરમાં દુકાનો ધરાવતાં તેમજ આહિર સમાજના આગેવાન એવા વરૂણ ડાંગરે ધાર્મિક લાગણી દુભાવ્યાની ફરિયાદ દાખલ કરાવી હતી. જેમાં બીજા આરોપી તરીકે વિડીયો બનાવનાર શખ્સ હોવાનું જણાવ્યું હતું. જો કે આ કિસ્સામાં ફરિયાદી બનેલા વરૂણને આજીડેમ પોલીસમાં નોંધાયેલા ગુનામાં આરોપી બનાવાયો હતો.

વરૂણે લાદી તોડનારા કમલેશની ઘરે રાતે બે વાગ્યે જઇ તે ઘરે હાજર ન હોઇ તેના માતા અને પત્નિને ધમકી આપી હતી કે સવારે દસ વાગ્યે કમલેશને ગાંધીગ્રામ પોલીસમાં હાજર નહિ કરો તો તમારી ખેર નહિ રહ!

વધુ માહિતી અનુસાર આ બનાવમાં આજીડેમ પોલીસે કોઠારીયા રોડ મેઇન રોડ પર બકુલભાઇ ગીણોયાના મકાનમાં ભાડેથી રહેતાં પાંત્રીસ વર્ષના વર્ષાબેન કમલેશભાઇ રાણપરીયાની ફરિયાદ પરથી વરૂણ સુખદેવભાઇ ડાંગર વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી છે. મહિલાએ ફરિયાદમાં જણાવ્યું છે કે હું સાસુ-સસરા અને પાંચ વર્ષની દિકરી સાથે રહુ છું અને ઈમિટેશનનું કામ કરી ગુજરાન ચલાવુ છું. અઢારમીએ રાતે અમે સુતા હતાં ત્યારે આશરે બે વાગ્યે અમારા ઘરના ડેલાની બેલ કોઇએ વગાડતાં મેં બીજા માળની ગેલેરીમાંથી જોતાં વરૂણ ડાંગર ઉભો હતો. તેણે મને તમે નીચે આવો તેમ કહેતાંહું નીચે જતાં તેણે તમારો પતિ કમલેશ ક્યાં છે? તેમ પુછતાં મેં તેને મારા પતિ હવે નથી તેમ જણાવતાં વરૂણે 'અહિ કેમ રહેતાં નથી?' તેમ પુછતાં હું મારા સાસુ કાંતાબેનને બોલાવવા ગઇ હતી.

આ દરમિયાન મારા સાસુને પણ વરૂણે કમલેશ તમારો દિકરો થાય છે? તેમ પુછતાં તેણે હા પાડતાં વરૂણ અને અજાણ્યા બે માણસો ઘરમાં ઘુસી ગયા હતાં અને ધમકી આપી હતી કે કમલેશને સવારે દસ વાગ્યે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં હાજર કરી દેજો નહિતર તમારી ખેર નથી તેમ કરી ધમકી આપી હતી.

બનાવનું કારણ એવુ છે કે કાલાવડ રોડ સ્વામિનારાયણ મંદિર પાસે નેપ્ચ્યુન કોમ્પલેક્ષની સીડીઓમાં ભગવાનની લાદીઓ લગાવાઇ હોઇ અને ભગવાનનું અપમાન થતું હોઇ મારા પતિએ લાદી તોડી નાંખી હોઇ તેનો ખાર રાખી વરૂણ સહિતે ધમકી આપી હતી. ઉલ્લેખનિય છે કે ચાર દિવસ પહેલા કમલેશ ભગવાનના ફોટાવાળી લાદી તોડતો હોઇ તેવો વિડીયો સોશિયલ મિડીયામાં વારયલ થયો હોઇ આ અંગે પુષ્કરધામ મેઇન રોડ પર શ્યામ પાર્કમાં રહેતાં ઉમરાણી ગામે ખેતી કરતાં વરૂણભાઇ સુખદેવભાઇ ડાંગરે કમલેશ અને વિડીયો બનાવનાર વિરૂધ્ધ ગાંધીગ્રામ પોલીસમાં ધાર્મિક લાગણી દુભાવ્યોનો ગુનો નોંધ્યો હતો.

વરૂણભાઇ આહિર સમાજના મહામંત્રી છે અને નેપ્ચ્યુન ટાવરમાં તેને ચાર દુકાનો છે.

સોળમીએ એક શખ્સે દિવાલમાં ચોટાડેલી ભગવાનના ફોટાવાળી લાદીઓ ઉખેડીને તોડી હતી અને વિડીયો બનાવ્યો હતો. તપાસ કરતાં તે કમલેશ હોવાનું ખુલ્યું હતું. હવે આજીડેમ પોલીસે વરૂણ સામે પણ ગુનો દાખલ કર્યો છે.

### ક્રોધની આગ માણસને કઇ હદ સુધી લઇ જાય તે વાત વધુ એક વખત સાબિત થઇ

# તો મહિના અગાઉ જ સોનલે ગિરીશનું ખૂન કરી નાંખ્યું હોત!

## પુર્વ પુત્રવધૂના એકના એક ભાઇ ગિરીશને પતાવી દેવા સોનલે અગાઉ રેકી કરી હતી પણ ત્યારે ગિરીશ સાથે તેના પત્નિ-સંતાન હોઇ તે બચી ગયો હતો

રાજકોટઃ ક્રોધની આગ માણસને કઇ હદ સુધી લઇ જઇ શકે છે તેનો પુરાવો આપતી ઘટના સામે આવી છે. રાજકોટના સરધારના સર ગામની સીમમાં કોટડા સાંગાણીના રામોદ ગામના બત્રીસ વર્ષના યુવાન ગિરીશ દિલીપભાઇ રાઠોડની હત્યામાં જેની ધરપકડ થઇ તે પચાસ વર્ષની મહિલાની પુછપરછમાં ચોંકાવનારી વિગતો ખુલી હતી. આ મહિલાએ બદલો લેવા અને પોતાના મનમાં ક્રોધ સાથે હત્યા કરવાની જે ગાંઠ વાળી લીધી હતી તેને સાતીર ગુનેગારની જેમ અંજામ આપ્યો હતો. ગિરીશને પતાવી દેવા તે એક મહિનાથી પ્લાન ઘડતી હતી અને રેકી કરતી હતી. એક મહિના અગાઉ જ તે આ હત્યાને અંજામ આપી ચુકી હોત પણ ત્યારે ગિરીશ સાથે તેના પત્નિ-સંતાન હોઇ તે બચી ગયો હતો.

ચોંકાવનારી ઘટનાની વિગતો પર નજર કરીએ તો કોટડા સાંગાણીના રામોદ ગામમાં રહેતાં અને સરધાર ગામે આધારકાર્ડ, આયુષ્યમાન કાર્ડનું સેવા કેન્દ્ર ચલાવવા સાથે ઇલેક્ટ્રીકનું કામ કરતાં ત્રણ બહેનના એકના એક ભાઇ એવા ગિરીશ દિલીપભાઇ રાઠોડની સરધારના સર ગામની સીમમાં કોટડાસાંગાણી જવાના રસ્તે શનિવારે ક્રુર હત્યા કરાયેલી લાશ મળી હતી. આ હત્યાનો ભેદ આજીડેમ પોલીસ, ક્રાઇમ બ્રાંચ અને એલસીબીની ટીમે ઉકેલી હત્યાનો ભોગ બનનાર ગિરીશની બહેનની પુર્વ સાસુ મોવીયા ગામે રહેતી સોનલ નરેશભાઇ સોહલીયા અને તેને મદદ કરનારા બે સગીરની ધરપકડ કરી છે. પચાસ વર્ષિય સોનલે રીઢા અને સાતીર ગુનેગારની જેમ કાવત્રુ ઘડી બે સગીર છોકરા-છોકરી મારફત ગિરીશ ઉપર વોચ રખાવી તેની હત્યાને અંજામ આપ્યાની હકિકત સામે આવતાં પોલીસ પણ ચોંકી ગઇ હતી.

હત્યાની મુખ્ય સુત્રધાર સોનલને પોલીસે પકડી લઇ વિશેષ તપાસ કરી હતી. તપાસમાં ખુલ્યા મુજબ સોનના દિકરા અજયના લગ્ન ગિરીશની બહેન જયશ્રી સાથે થયા હતાં. પણ જયશ્રી અને અજયના છુટાછેડા થઇ જતાં આજથી ત્રણેક મહિના પહેલા સોનલના એકના એક દિકરા અજયએ આપઘાત કરી લીધો હતો. ત્યારથી તેના મગજમાં એક વાત ઘર કરી ગઇ હતી કે મારા દિકરાના મોત માટે જયશ્રી જવાબદાર છે, આ પછી તે ઇન્સ્ટાગ્રામ-ફેસબૂકમાં વિડીયો મુકી ધમકી વેવાઇ પક્ષને ધમકી આપતી હતી કે મારો એકનો એક દિકરો ગયો એમ તમારા એકના એકનું ખૂન કરી નાખીશ. આ ધમકીને સાચી ઠેરવી સાતીર ગુનેગારની જેમ કાવત્રુ રચી એક સગીર છોકરી અને સગીર છોકરાની મદદ લઇ તેણીએ હત્યાને અંજામ આપ્યો હતો. આ બનાવમાં આજીડેમ પોલીસે હત્યાનો ભોગ બનેલા ગિરીશના પિતા દિલીપભાઇ કમાભાઇ રાઠોડની ફરિયાદ પરથી તેના પુર્વ વેવાણ મોવીયા ગામે રહેતાં સોનલબેન નરેશભાઇ સોહેલીયા વિરૂધ્ધ હત્યાનો ગુનો દાખલ કર્યો હતો.

હત્યાનો ભોગ બનનાર ગિરીશના લગ્ન થઇ ગયા હતાં. તેને સંતાનમાં આઠ વર્ષનો દિકરો છે. તેની પત્નિનું નામ જયશ્રીબેન છે. ગિરીશ ત્રણ બહેનનો એકનો એક ભાઇ અને માતા-પિતાનો એક જ આધારસ્તંભ હતો. દિલીપભાઇએ જણાવ્યું હતું કે મારી ત્રણ દિકરી રીટા, પુષ્પા, જયશ્રી પૈકી જયશ્રીના લગ્ન ત્રણેક વર્ષ પહેલા ગોંડલના મોવીયાના અજયભાઇ નરેશભાઇ સોહેલીયાના દિકરા અજય સાથે થયા હતાં. પરંતુ મારી દિકરી



**પોતાના દિકરાના આપઘાત પાછળ ગિરીશની બહેન જવાબદાર છે તેવું વિચારી સતત ક્રોધીત બની સોનલ વેવાઇ પક્ષને ધમકાવતી હતીઃ અંતે હત્યાને અંજામ આપી ધમકી સાચી ઠેરવીઃ ખચાખચ નવેક ઘા ઝીંકી ગિરીશ મરી ગયો છે તેની ખાત્રી કરી ઘરે જતી રહી હતી!**

જયશ્રી અને જમાઇ અજય વચ્ચે અણબનાવ બનતાં અમે જ્ઞાતિના રીતરીવાજ મુજબ છુટાછેડા લીધા હતા. જો કે છુટાછેડા બાદ પણ મારી દિકરી જયશ્રી અને જમાઇ અજય ફોનમાં વાતો કરતાં હતાં. એ પછી આજથી ત્રણેક મહિના પહેલા આપઘાત કરી લીધો હતો.

અજયના આપઘાત પછી તે મારી દિકરી સાથે વાત કરતાં હોય તેવા સ્ક્રીનશોટ તેના ફોનમાંથી મળ્યા હતાં. આ કારણે અજયના માતા સોનલબેનને એવુ લાગતું હતું કે મારી દિકરીના કારણે જ તેના એકના એક દિકરા અજયએ આપઘાત કર્યો છે. આ પછી તે મને ધમકી આપતાં હતાં કે જેમ મારો દિકરો ગયો તેમ તમારો પણ એકનો એક દિકરો જાશે, આ બાબતે તે ઇન્સ્ટાગ્રામ, ફેસબૂકમાં વિડીયો મુકી મારા દિકરાને મારી નાખવાની ધમકી આપતાં હતા.

દિલીપભાઇએ વધુમાં કહ્યું હતું કે શનિવારે સાંજે સવા ચારેક વાગ્યે મારા નાના ભાઇ જેન્તીભાઇ રાઠોડને ફોન આવેલો કે ગિરીશનું સર ગામની સમમાં કોઇએ ખૂન કરી નાખ્યું છે. આથી અમે બધા ત્યાં પહોંચ્યા હતાં. મારા દિકરાની લાશ ખેતરના શેઢે પડી હતી. જેને પેટ, છાતી, મોઢા, માથા પાછળ છરીના આઠ નવ જેટલા ઘા ઝીંકાયેલા જોવા મળ્યા હતાં. હત્યાની ઘટના જાહેર થતાં આજીડેમ પોલીસ ઇન્સ્પેક્ટર એ. બી. જાડેજા, પીએસઆઇ જનકસિંહ રાણા, એએસઆઇ હારૂનભાઇ ચાનીયા, એએસઆઇ રવિભાઇ વાંક, લક્ષમણભાઇ મકવાણા, પિયુષભાઇ, દિગપાલસિંહ, કોન્સ. મેરૂભા ઝાલા, પ્રદિપસિંહ, દિવ્યરાજસિંહ, ગોપાલભાઇ, હરપાલસિંહ, દેવાભાઇ, સંજયરાજભાઇ, વિશ્વરાજસિંહ સહિતે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પોલીસે સીસીટીવી કેમેરા ચેક કરતાં ગિરીશ પોતાની સરધાર ખાતેની દૂકાનેથી નીકળ્યો ત્યારે પાછળ એક બુકાનીધારી મહિલા એક્ટીવા પર તેનો પીછો કરતી જોવા મળી હતી. તેમજ સગીર અને સગીરા પણ શંકાસ્પદ રીતે ગિરીશની આગળ પાછળ જતાં દેખાયા હતાં. પોલીસે આ મહિલા કોણ છે?

તે અંગેની તપાસ કરાવતાં જ તે ગિરીશના બહેન જયશ્રીના પુર્વ સાસુ સોનલ સોહેલીયા હોવાનું સ્પષ્ટ થતાં જ ટીમ મોવીયા પહોંચી હતી અને સોનલને સકંજામાં લેવા તજવીજ કરી હતી. સોનલ અને તેની સાથે તેના જ સગા એવા સગીર છોકરા-છોકરીની સંડોવણી પણ ખુલી હતી. સોનલની વિશેષ પુછતાછ માટે આગળ કાર્યવાહી માટે રિમાન્ડની તજવીજ કરવામાં આવશે. અગાઉ પણ સોનલે બે વખત ગિરીશની રેકી કરી હત્યાને અંજામ આપવા પ્રયાસ કર્યો હતો. પણ એક વખત ગિરીશ સાથે તેની પત્નિ, પુત્ર હોઇ મેળ પડ્યો નહોતો. અંતે તેણે હત્યાને અંજામ આપ્યો હતો. જે તે વખતે ગિરીશે તેની પાસે માફી માંગી હતી અને કરગર્યો હતો પણ ક્રોધ સોનલના દિમાગ પર સવાર થઇ ગયો હોઇ તે છરીથી તૂટી પડી હતી અને નિર્દયતાથી મોતને ઘાટ ઉતારી તે મરી ગયો છે તેની ખાત્રી કરી ભાગી ગઇ હતી. હત્યા કર્યાનો તેને કોઇ અફસોસ પણ નહોતો!

---

### ટ્રાફીક સલામતી માસ દરમિયાન પોલીસ સતર્ક

# માધાપર ચોકડી વિસ્તારમાં ૪૦ વાહનોની યાંત્રિક તપાસણી કરાઈ



રાજકોટ, તા.૨૦

રાજકોટ શહેરમાં માધાપર ચોકડી ખાતે તા. ૨૦ જાન્યુઆરીના રોજ બપોરે ૧૨ કલાકથી બપોરે ૧ કલાક સુધી ''ટ્રાફીક સલામતી માસ - ૨૦૨૫''ની ઉજવણીના ભાગરૂપે હેવી વ્હીકલ, લાઈટ મોટર વ્હીકલ, ઓટોરીક્ષા તથા મોટર સાઈકલ મળીને આશરે ૪૦ જેટલાં વાહનોની યાંત્રિક તપાસણી કરવામાં આવી હતી. આ ચકાસણી વાહનના સલામત અને યોગ્ય ઉપયોગ માટે મહત્વપૂર્ણ છે.

આ તકે પી.એસ.આઇ. એસ. બી. ઘાસુરા તેમજ આર.ટી.ઓ.ના ઓમકારસિંહ ઝાલા, વી. બી. પટેલ દ્વારા વાહનના બાહ્ય ભાગો જેવા કે હેડલાઇટ, ટેઇલલાઇટ, ટર્ન સિગ્નલ અને બ્રેક લાઇટની કાર્યક્ષમતા તપાસવામાં આવી હતી. રિયર-વ્યુ મિરર, સાઇડ મિરર્સ, ટાયરની કંડિશન, ટાયરનું ટ્રીડ, એર પ્રેશર, વાહનનું એન્જિન, મશીનરી, કૂલન્ટ સિસ્ટમ, બેટરીનું કનેક્શન, ફુટ બ્રેક-હેન્ડ બ્રેકની કાર્યક્ષમતા, ફ્યુઅલ સિસ્ટમ, સસ્પેન્શન, સ્ટિયરિંગ ચકાસણી, હોર્ન નિરીક્ષણ વગેરે કરવામાં આવ્યું હતું. એ.સી.-હીટરની તાપમાન નિયંત્રણ સિસ્ટમ, સલામતી ઉપકરણો, ફાયર એક્સટિંગ્યુશર તથા વાહનચાલકે નડતી સમસ્યાઓને પ્રાથમિકતા સાથે તપાસવામાં આવી હતી. તેમજ વાહન ચાલકોને માર્ગ સલામતીના નિયમો, વાહન જાળવણી અને ટેકનિકલ માહિતી અંગે વિસ્તૃત સમજ અપાઈ હતી.

---

### ભાંગફોડયા પ્રવુંત્તીઓને અટકાવવા

# શહેરમાં ઉતારો લેનાર મુસાફરોની પથિક પોર્ટલમાં એન્ટ્રી કરવા આદેશ

## ૩૧ મી જાન્યુઆરી સુધી આદેશનું પાલન કરવા તાકીદ

રાજકોટ, તા.૨૦

રાજ્યો અને વિદેશમાંથી મોટા પ્રમાણમાં આવતા મુસાફરોની સંભવિત દેશ વિરોધી ભાંગફોડિયા પ્રવૃતિઓને અટકાવવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ જાહેર કરેલ હુકમો મુજબ રાજકોટ જિલ્લામાં આવતા મુસાફરોની દૈનિક ધોરણે પોલીસને માહિતી ઓન-લાઈન મળી રહે તે હેતુથી પથિક પોર્ટલ-એપ્લીકેશનમાં સ્થળના માલિકે ગ્રાહકની રજીસ્ટર એન્ટ્રી કરવા રીસેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેકટીવીટી સાથેનું એક કોમ્પ્યુટર રાખી તેના મેન્યુઅલ રજીસ્ટરમાં થતી તમામ એન્ટ્રીઓ પણ પથિક એપમાં ફરજીયાતપણે ઓનલાઈન કરવાની રહેશે. આ આદેશોનો અમલ તા. ૩૧ જાન્યુઆરી સુધી કરવાનો કરવા પોલીસે તાકીદ કરી છે.

**તરૂણીની ભાળ આપવા અપીલ**

રાજકોટના યુનિક મારબલવાળી શેરીના રહેવાસી પિયુષભાઈ જીવનભાઈ પરમારની ૧૭ વર્ષીય દીકરીનું તા.૧૦ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ ૦૭:૦૦ વાગ્યાના અરસામાં પુનિતનગર પાણીના ટાંકા પાસે અપહરણ થયેલ છે. આરોપી લલચાવી ફોસલાવી લઈ ગયો હોવાની બાતમી મળી છે. તેમના વિષે કોઈ જાણકારી મળે તો માલવીયા નગર પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

---

### તમે જમીન વેચાણમાં વચ્ચેથી રૂપિયા ખાધા છે એવું કહી

# પડધરીના રાદડ ગામે બઘડાટી મહિલા સહીત ત્રણ પર હુમલો

## ઘરમાં ઘુસી પાંચ શખ્સોએ મચાવ્યો આંતક : પડધરી પોલીસમાં ગુન્હો

રાજકોટ તા. ૨૦

પડધરીના રાદડ ગામે જમીન વેચાણ બાબતની માથાકૂટમાં દંપતિના ઘરમાં ઘુસી ૫ શખ્સોએ ત્રણ ઉપર હુમલો કર્યાની પડધરી પોલીસમાં ફરીયાદ નોંધાવાઈ છે.

મળતી વિગત મુજબ સેજલબા ગંભીરસિંહ જાડેજા (રહે. વડવાજડી ગામ મુળ ગામ રાદડ)એ ફરિયાદમાં જણાવ્યું છે કે તેણીના પતિની જમીન રાદડ ગામે આવેલી હતી અને તે જમીન વેચેલ ત્યારે સહદેવસિંહ વચ્ચે હતા.

આ સમયે તેમના પતિએ પુછેલ કે જમીન વેચાણમાં વચ્ચેથી તમોએ રૂપિયા ખાધા છે તેવુ કહેતા સારૂ ન લાગતા આરોપીઓએ સાહેદ કનકસિંહને ફડાકો માર્યો હતો તેમજ ગંભીરસિંહને ઢીકાપાટુનો માર મારતા વચ્ચે છોડાવવા પડેલ સેજલબાને પણ માર માર્યો હતો.

ત્યારબાદ ઘરના ડેલામાં પાટા મારી ડેલો ટપી જેસલબાના રમાં ઘુસી તેમના પતિ ગંભીરસિંહેને ઢીકાપાટુનો મારમારી પતાવી દેવાની ધમકી આપી હતી.

આ અંગે સેજલબાએ બાબભા ધીરૂભા જાડેજા, સહદેવસિંહ લખુભા જાડેજા, વિજયસિંહ બાબભા જાડેજા, પ્રતિકસિંહ સહદેવસિંહ જાડેજા તથા યુવરાજસિંહ ટેમભા જાડેજા આ તમામ શખ્શો સામે પડધરી પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી.

---

# ખેતીની જમીનના વેંચાણમાં નોંધ પ્રમાણીત કરવાની પ્રક્રિયા ઓનલાઈન કરતી સરકાર

## વેચાણ નોંધ પ્રમાણીત કરવા અંગેનો નિર્ણય વખતે સક્ષમ મહેસુલી સત્તાધિકારીએ ખેડુત ખરાઈ પ્રમાણપત્રનો આગ્રહ નહિ રાખી શકે



રાજકોટ, તા.૨૦

ખેતીની જમીનના વેચાણના કિસ્સાઓ માટે તથા ઓનલાઈન પ્રકિયાના ભાગરૂપે ખેડુત ખરાઈના પ્રમાણપત્ર મેળવવાની સમગ્ર પ્રક્રિયા રાજયમાં ઓનલાઈન કરવામાં આવી છે. તથા આવી વિવિધ પરવાનગીઓ મેળવવા માટે ઈ-ધરા પોર્ટલ ઉપર ઓનલાઇન કાર્યપધ્ધતી નક્કી કરાઇ છે.

ખેતીની જમીનના વેચાણના કિસ્સામાં હક્કપત્રકમાં વેચાણ નોંધ દાખલ કરતી વખતે વેચાણ લેનાર ખેડુત ખાતેદાર પાસેથી ખેડુત ખરાઈ પ્રમાણપત્રનો આગ્રહ રાખવામાં આવે છે. ખેતીની જમીનની વેચાણ નોંધ પ્રમાણિત કરવા અંગેનો નિર્ણય કરતી વખતે ખેડુત ખરાઈની ચકાસણીમાં તા.૦૬/૦૪/૧૯૯૫ અગાઉનો રેકર્ડ ધ્યાને લેવાનો રહેશે નહિં.

ખેતીની જમીનની હક્કપત્રકમાં વેચાણ નોંધ દાખલ કરતી વખતે ખેડુત ખાતેદારે ખેડુત ખાતેદાર હોવા બાબતનું સોગંદનામુ રજુ કરવાનું રહેશે, વેચાણ નોંધ પ્રમાણીત કરવા અંગેનો નિર્ણય કરતી વખતે સક્ષમ મહેસુલી સત્તાધિકારીએ ખેડુત ખરાઈ પ્રમાણપત્રનો આગ્રહ રાખવાનો રહેશે નહિ તેમજ ખેડુત હોવા અંગે ઉપલબ્ધ ઓનલાઈન રેકર્ડ ચકાસણી કરી ખેડુત ખરાઈ કરી તે અંગેનો શેરો કરવાનો રહેશે.

આમ ખેતીની જમીનના વેચાણના મુદ્દે રેકર્ડની બીન ઉપલબ્ધતા તથા ખેડુત ખરાઇ પ્રમાણપત્ર મળવા અંગે અરજદારને હાલાકીઓ ન થાય તે ધ્યાને લઈ વેચાણની નોંધ પ્રમાણીત કરતી વખતે ખેડુત ખાતેદાર ખરાઇ તા.૦૬/૦૪/૧૯૯૫ પહેલાનું રેકર્ડ ધ્યાને લેવાનું રહેશે નહીં તેવું રાજય સરકાર દ્વારા ઠરાવેલ છે.

---

# પૂર્વ સંયુક્ત માહિતી અધિકારી દીપકભાઈ ભટ્ટનું અવસાન



રાજકોટ : રાજય સરકારના માહિતી ખાતામા રાજકોટ ખાતે સંયુક્ત માહિતી અધિકારી તરીકે ફરજ બજાવી ચૂકેલાદીપકભાઈ નિર્ભયભાઈ ભટ્ટનું અમદાવાદ ખાતે અવસાન થયું છે. તેઓ રેખાબેન ભટ્ટ(નિવૃત્ત અધિકારી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી)ના પતિ, એક્સીસ બેન્ક અમદાવાદના ઉચ્ચ અધિકારી ભાર્ગવ ભટ્ટ અને મૈત્રીબેન હસિતભાઈ મહેતા (રાજકોટ)ના પિતા તેમજ પત્રકાર બંધુ હેમેન ભટ્ટ (ફૂલછાબ)તથા નૈષધ ભટ્ટ (નિકુ ભટ્ટ પત્રકાર આઝાદ સંદેશ)ના મોટાભાઈ, યુવરાજના દાદા હતા. દિપકભાઈ ભટ્ટે પત્રકારત્વની કારકિર્દી જનસત્તા દૈનિકથી કરી હતી. રાજ્ય સરકારના માહિતી ખાતામાં માહિતી અધિકાર તરીકે જોડાઈને ઈડર, હિંમતનગર, અમદાવાદ ગાંધીનગર, રાજકોટ, અમરેલી, જામનગર જિલ્લા સહિત અલગ અલગ જિલ્લાઓમાં પૂર્વ સંયુક્ત માહિતી અધિકારી તરીકે ફરજ બજાવી માહિતી ખાતામાં તેમજ અખબારી આલમમાં લોકચાહના મેળવી હતી. તેઓની કાર્ય પ્રણાલીને ધ્યાને લઈ તેઓને કેન્દ્ર સરકારના પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો (પી.આઈ.બી.)માં પણ ડેપ્યુટેશન પર ફરજ સોંપવામાં આવી હતી.

### અવસાન નોંધ

**જુનાગઢ :** સ્વ. વીરેન્દ્રકુમાર રામશંકરભાઈ ખીરા(ઉ.વર્ષ ૬૬) તે સ્વઃબળવંતરાય, ભાસ્કરભાઈ, જનકભાઈ, પદમાંબેન, પ્રવીણાબેનના નાનાભાઈ, નીરવ, શિવાંગીના પિતા, ભાવિન મહેતાના સસરા, સ્વ.બચુભાઈ વલ્લભભાઈ સાતા(રાજકોટ)ના જમાઈ, સ્વ.પ્રફુલભાઈ બચુભાઈ સાતાના બનેવીનું ૧૯ના રોજ અવસાન થયું છે. પ્રાર્થના સભા તા. ૨૩ ને ગુરુવારે, સાંજે ૪ થી ૬, બિલનાથ મહાદેવ મંદિર, અક્ષર મંદિરની પાસે, વંથલી રોડ, જૂનાગઢ ખાતે રાખેલ છે.

---

### રાજકોટ રેલ્વે પોલીસમા ફરજ બજાવતાં હેડકોન્સ્ટેબલે મોબાઈલ ફોનની ચોરીના આરોપીને હેરાન નહી કરવા બદલ માંગ્યા'તા રૂપિયા

# દસ હજાર લેતા જમાદાર ઝલાયા

## બે દિવસ પહેલા જ અમદાવાદથી બદલી થઇ રાજકોટ આવ્યા અને રોકડી કરવા જતાં એસીબીએ છટકામાં આબાદ દબોચી લેતાં ચકચાર

રાજકોટઃ સરકારી વિભાગોમાં અનેક એવા કર્મચારીઓ, અધિકારીઓ હોય છે જે પોતાના મસમોટા પગારની સાથે સાથે જો ઉપરની મલાઇ એટલે કે લાંચ ન ખાય તો તેને ચેન પડતું હોતું નથી. જો કે આવા લાંચીયાઓને ઝડપી લેવા એન્ટી કરપ્શન બ્યુરોની ટીમો સતત સક્રિય હોય છે. વધુ એક વખત રાજકોટમાં લાંચખોરની ધરપકડ થઇ છે. આ વખતે રાજકોટ રેલ્વે પોલીસના હેડ કોન્સ્ટેબલ ઝપટમાં આવી ગયા છે કે પછી છીંડે ચડી ગયા છે તેમ પણ કહી શકાય. જમાદારે મોબાઇલ ફોનની ચોરીમાં ઝડપાઇ ગયેલા આરોપીને વધુ હેરાન નહિ કરવાના બદલામાં લાંચ માંગણી કરી હતી. પણ ભોગ બનનારને લાંચ આપવી ન હોઇ એસીબીને જાણ કરતાં છટકુ ગોઠવાયુ હતું અને લાંચ લેતાં જમાદાર રંગેહાથ જલાઇ ગયા હતાં.



રેલ્વે પોલીસ બેડામાં ચકચાર જગાવતી આ કામગીરીની વિગતો પર નજર કરીએ તો રાજકોટ રેલ્વે પોલીસ મથકની હદમાં મોબાઇલ ચોરીના ગુન્હામાં પકડાયેલ આરોપીને હેરાન નહિ કરવા માટે આરોપીના ભાઇ પાસેથી રેલ્વે પોલીસના જમાદાર વેલાભાઇ ભરવાડે રૂપિયા દસ હજારની લાંચની માંગણી કરતા આરોપીના ભાઇએ લાંચ આપવી ન હોવાથી તુરત જ એસીબીનો સંપર્ક કરતા રાજકોટ એસીબીના ડીવાયએસપી કે.એચ.ગોહીલના માર્ગદર્શન હેઠળ જામનગર એસીબીના પોલીસ ઇન્સ્પેક્ટર વિરાણીના માર્ગદર્શન હેઠળ લાંચનું છટકું ગોઠવાયું હતું. જેમાં રેલ્વે પોલીસના જમાદાર વેલાભાઇ ભરવાડ દસ હજારની લાંચ લેતા જ તેને રંગેહાથ ઝડપી લેવાયા હતાં અને કાર્યવહી કરવામાં આવી હતી.

એસીબીના સુત્રોના કહેવા મુજબ લાંચ લેતા પકડાયેલ રેલ્વે પોલીસના જમાદાર વેલાભાઇ ભરવાડ અમદાવાદથી બે દિવસ પહેલા જ રાજકોટ રેલ્વે પોલીસમાં બદલી થઇ આવેલા હતા અને લાંચ લેતા એસીબીએ ઝડપી લીધા હતા. આગળની તપાસ માટે વિશેષ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ પ્રકારે અગાઉ પણ અલગ અલગ સરકારી કચેરીઓના અધિકારીઓ, કર્મચારીઓને અને વચેટીયાઓને રાજકોટમાં જામનગર એસીબીની ટીમે દબોચ્યા હતાં. આ વખતે પણ જામનગર એસીબીની ટીમ સફળ છટકાની કામગીરી કરી હતી.

**મનપા જોજો**

# માત્ર ૨૭ પે એન્ડ પાર્કિંગ થી સમસ્યા હલ ન થાય

## ૧૮ વોર્ડમાં કુલ ૬૩ જગ્યાઓ પે એન્ડ પાર્કિંગ માટે જેમાં માત્ર ૨૭ જગ્યા જ ટેન્ડર થકી ભરાઈ : દિવસેને દિવસે પરિસ્થિતિ વિકરાળ બનશે ત્યારે મનપા પાસે શું વ્યવસ્થા તે સૌથી મોટો પ્રશ્ન

રાજકોટ, તા. ૨૦

રાજકોટ શહેરમાં હાલ ટ્રાફિક સમસ્યા અત્યંત વિકરાળ બની છે ત્યારે મહત્વનું એ છે કે આ પ્રશ્નનું ઝડપભેર નિરાકરણ આવે તો ભવિષ્યમાં જેમ વસ્તી વધારો થશે ત્યારે આ પ્રશ્ન ન સતાવે બીજી તરફ ટ્રાફિક સમસ્યાને લઈ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અનેક મુદ્દે ચર્ચા વિચારણા કરી નવી યોજનાઓની પણ અમલવારી કરવામાં આવી હતી. પરંતુ જે સફળતા મળવી જોઈએ તે આજ દિન સુધી રાજકોટ મહાનગરપાલિકાને મળી નથી રાજકોટ માટે સૌથી મોટો ચિંતાનો વિષય હોય તો તે પાર્કિંગનો છે કારણ કે રાજકોટના ઘણા ખરા વિસ્તારો કે જ્યાં વાણિજ્ય પ્રવૃત્તિઓ થઈ રહી છે ત્યારે યોગ્ય પાર્કિંગ ન હોવાના કારણે લોકોએ તેમના વાહનોને રસ્તા ઉપર પાર્ક કરવા પડે છે અને તેને લઈને ઘણી ખરી અડચણો પણ ઉભી થઈ છે. આ વાતની ગંભીરતાને ધ્યાને લઈ મહાનગરપાલિકા દ્વારા પે એન્ડ પાર્કિંગની વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી પરંતુ વાસ્તવિકતા એ છે કે રાજકોટ શહેરમાં કુલ ૬૩ પે એન્ડ પાર્કિંગની જગ્યાઓ આવેલી છે તેમાંથી માત્ર હાલ ૨૭ જગ્યાઓ પરના જ ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે.

જો આ અંગે રાજકોટ મહાનગરપાલિકા ગંભીરતાપૂર્વક વિચાર કરે તો પે એન્ડ પાર્કિંગ થી મનપાને આવક પણ મોટી થાય સાથોસાથ એ આવક થકી રાજકોટના અન્ય વિકાસ કામોને પણ વેગ મળે પરંતુ કોઈ કારણોસર હાલ ૨૭ થી વધુ પે એન્ડ પાર્કિંગની વ્યવસ્થા મહાનગરપાલિકા ઉભી કરાવી શકી નથી એટલું જ નહીં મહાનગરપાલિકા પાસે કુલ ૬૩ જેટલી જગ્યા હાથ પર છે ત્યારે તે જગ્યાનો જો ઉપયોગ કરવામાં આવે તો આજે સંખ્યા છે તેમાં વધારો થઈ શકે. મહાનગરપાલિકા દ્વારા આ અંગે એક વખત નહીં અનેક વખત વિચાર કરવામાં આવ્યો. મહાનગરપાલિકાને પે એન્ડ પાર્કિંગ મારફતે કુલ ૧.૧૩ કરોડની આવક થઈ છે. મળતી માહિતી મુજબ નવા પે એન્ડ પાર્ક બનાવવા માટે રાજકોટ શહેરમાં મહાનગરપાલિકા દ્વારા એસ્ટેટ શાખા તથા ટાઉન પ્લાનિંગ વિભાગ મારફતે તેનો અભિપ્રાય મેળવી જો પેન્ટ પાર્ક લગત પ્લોટ હોય તો તે પ્લોટ માટે મંજૂરી મેળવી પે એન્ડ પાર્ક સાઈડ તરીકે તેનો સમાવેશ કરવામાં આવી શકે છે. પરંતુ વાસ્તવિકતા તો એ છે કે આજ દિન સુધી રાજકોટ મહાનગરપાલિકા પાસે કુલ ૬૩ જગ્યાઓ પડેલી છે અને તેમાં સૌથી વધુ વેસ્ટ ઝોનમાં અને ત્યારબાદ સેન્ટ્રલ ઝોનમાં જગ્યાઓ ખાલી છે ત્યારે મહાનગરપાલિકા કયા મુદ્દે વિચાર કરી રહી છે તેનો કોઈ અંદાજો નથી પરંતુ જો હજુ ૨૩ જેટલી ૬૦ ઊભી કરી દેવામાં આવે તો રાજકોટ મહાનગરપાલિકાની આવકમાં પણ વધારો થશે અને હાલ જે પાર્કિંગની અસુવિધા જોવા મળી રહી છે તેમાં પણ ઘણાખરા અંશે મનપાને રાહત મળશે.

મહાનગરપાલિકા દ્વારા જે કામગીરી કરવામાં આવી રહી છે તેમાં ઘણાખરા અંશે ઢીલાશ રાખવામાં આવતી હોય છે અને તેની માઠી અસર છેલ્લે સ્થાનિક વ્યક્તિએ વેઠવી પડે છે. આ વાતની ગંભીરતાને ધ્યાને લઈને મહાનગરપાલિકા અને મ્યુનિસિપલ કમિશનર સમક્ષ એક વખત નહીં અનેક વખત રજૂઆતો કરવામાં આવી પરંતુ આજ દિન સુધી તેનો યોગ્ય નિવેડો આવ્યો નથી. હાલ મહાનગરપાલિકાના નવનિયુક્ત મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા અત્યારે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ એટલે કે સ્વચ્છતા અંગે તેઓ અવલોકન કરી રહ્યા છે અને તેમના દ્વારા વિવિધ વોર્ડમાં રૂબરૂ મુલાકાત પણ લેવામાં આવી રહી છે ત્યારે મળતી માહિતી મુજબ પાર્કિંગની સમસ્યાનું નિવારણ લાવવા માટે પણ ક્યાંક ને ક્યાંક મ્યુનિસિપલ કમિશનર દ્વારા આવનારા દિવસોમાં યોગ્ય પગલાં લેવામાં આવે તેવું અનુમાન હાલ લગાવવામાં આવી રહ્યું છે.



### ક્યા વોર્ડમાં કેટલી જગ્યાઓ ખાલી

**રાજકોટ મહાનગરપાલિકા હેઠળ આવતા ૧૮ વોર્ડની જો વાત કરવામાં આવે તો વોર્ડ નંબર સાતમાં સર્વાધિક ૮ જગ્યાઓ ખાલી પડેલી છે જેનો ઉપયોગ પે એન્ડ પાર્કિંગ માટે થઈ શકે ત્યારબાદ વોર્ડ નંબર ૧૦ માં કુલ ૫ જગ્યા, વોર્ડ નંબર ૧ અને ૮માં કુલ ૪ જગ્યા, તેવી જ રીતે વોર્ડ નંબર ૯ અને ૧૪ માં ૩ જગ્યા, વોર્ડ નંબર ૧૧ માં તથા ૧૩માં ૨ જગ્યા, જ્યારે વોર્ડ નંબર ૩ અને ૫, ૧૭ અને ૧૮ કુલ ૧-૧ જગ્યા ખાલી પડેલી છે.**

# મનપાના દબાણ હટાવ શાખામાં કડકાઈનો ભાવ

## છેલ્લા છ મહિનામાં ૧૨૫૨ રેકડીઓ કરાઈ દૂર, ૨૪,૬૨૧ કિલો શાકભાજી તથા ફળનો નાશ સામે ૨૬ લાખનો વસુલ્યો દંડ

### જે દંડ ફટકારવામાં આવ્યો અને જે જગ્યા ઉપરથી રેકડી જપ્ત કરવામાં આવી તે જ જગ્યા પર ફરી દબાણો મળે છે જોવા

રાજકોટ તા. ૨૦

નગરપાલિકા ની કામગીરીને લઈ હાલ સ્થાનિકો સતત આંગળી ચિંધી રહ્યા છે તો બીજી તરફ મહાનગરપાલિકા દ્વારા કડકાઇ પણ દાખવવામાં આવી રહી છે. મન પાના દબાણ હટાવ શાખા પર એક નહીં અનેકવિધ આક્ષેપો પણ થઈ રહ્યા છે પરંતુ તે વાત જરૂરી છે કે રાજકોટમાં જે રીતે દબાણો કરવામાં આવી રહ્યા છે તેમાં પણ જ્યારે રેકડી હોય અથવા તો પરચુરણ માલ સામાન નું વેચાણ રોડ ઉપર કરવામાં આવતું હોય અથવા તો શાકભાજી અને ફળ નું વેચાણ કરતા હોય તે તમામ પર હાલ શિક્ષાત્મક પગલાં લેવામાં આવે તે માટે દબાણ હટાવ શાખા દ્વારા દબાણો દૂર કરવામાં આવી રહ્યા છે પ્રતિ દિવસ દબાણો દૂર કરવા માટેની એક ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી છે. ત્યારે જરૂરી એ છે કે છેલ્લા છ મહિનામાં આ વિભાગ દ્વારા ઢેબર રોડ, ૮૦ ફુટ રોડ, ભાવનગર રોડ, આજી ડેમ ચોકડી, કોઠારીયા મેઈન રોડ, એરપોર્ટ રોડ, દોઢસો ફૂટ રીંગ રોડ, મવડી મેઇન રોડ, સહિત રાજકોટના અનેક ઝોનમાં અલગ અલગ વિસ્તારોમાંથી દબાણ હટાવ શાખા દ્વારા રેકડી કેબીન તથા પરચુરણ માલસામાનને જપ્ત કરવામાં આવ્યો અને વહીવટી ચાર્જની પણ વસૂલાત કરવામાં આવી.

છેલ્લા છ માસની જો વાત કરવામાં આવે તો જુલાઈ ૨૦૨૪ માં કુલ ૨૩૯ રેકડી, ૧૧૩૩ પરચુરણ માલ સામાન, ૨૨૯૮ કિલો શાકભાજી તથા ફળ અને કુલ વહીવટી ચાર્જ ૨.૯૯ લાખ વસૂલવામાં આવ્યો. એવી જ રીતે ઓગસ્ટ ૨૦૨૪ માં જો વાત કરવામાં આવે તો કુલ ૨૨૯ રેકડી, ૧૪૬૮ પરચુરણ માલ સામાન, ૧૯૫૯ કિલો શાકભાજી તથા ફળ અને કુલ વહીવટી ચાર્જ ૩.૧૮ લાખ વસૂલવામાં આવ્યો. જ્યારે સપ્ટેમ્બર ૨૦૨૪ માં કુલ ૨૨૫ રેકડી, ૧૬૫૨ પરચુરણ માલ સામાન, ૩૧૨૩ કિલો શાકભાજી તથા ફળ અને કુલ વહીવટી ચાર્જ ૫.૧૦ લાખ વસૂલવામાં આવ્યો. જ્યારે ઓક્ટોબર ૨૦૨૪ માં કુલ ૨૦૧ રેકડી, ૮૯૫ પરચુરણ માલ સામાન, ૨૩૯૭ કિલો શાકભાજી તથા ફળ અને કુલ વહીવટી ચાર્જ ૫.૧૨ લાખ વસૂલવામાં આવ્યો. જ્યારે નવેમ્બર ૨૦૨૪માં કુલ ૧૬૬ રેકડી, ૮૧૬ પરચુરણ માલ સામાન, ૪૫૬૯ કિલો શાકભાજી તથા ફળ અને કુલ વહીવટી ચાર્જ ૪.૩૧ લાખ વસૂલવામાં આવ્યો. ડિસેમ્બર ૨૦૨૪ માં કુલ કુલ ૧૯૨ રેકડી, ૧૪૫૯ પરચુરણ માલ સામાન, ૧૦૨૭૫ કિલો શાકભાજી તથા ફળ અને કુલ વહીવટી ચાર્જ ૫.૨૯ લાખ વસૂલવામાં આવ્યો . ત્યારે કુલ છ માસમાં ૧૨૫૨ રેકડી, પરચુરણ માલ સામાનની જ વાત કરીએ તો ૭૪૨૩, શાકભાજી તથા ફળની વાત કરવામાં આવે તો કુલ ૨૪,૬૨૧ કિલો અને કુલ વહીવટી ચાર્જ ૨૬ લાખ વસૂલવામાં આવ્યો. મહત્વનું એ છે કે દબાણ હટાવ શાખા દ્વારા જે કામગીરી કરવામાં આવી તેમ છતાં જે સ્થિતિ પહેલા જોવા મળતી તેવી સ્થિતિ આજે પણ જોવા મળી રહી છે. જે જગ્યા ઉપરથી દબાણો દૂર કરવામાં આવે તે જગ્યા ઉપર ફરી એ જ દબાણો જોવા મળે છે. હાલ મહત્વનું એ છે કે આજે પણ એ તમામ જગ્યાઓ પર દબાણો જોવા મળે છે. ત્યારે હવે જરૂરી એ છે કે ખરા અર્થમાં દબાણ હટાવ શાખા દ્વારા એવી કોઈ નક્કર કામગીરી કરવામાં આવે જેનાથી ભવિષ્યમાં જે જગ્યા ઉપર થી દબાણો દૂર થાય તેમાં બીજી કોઈ વખત દબાણો ઊભા કરવામાં ન આવે પરંતુ માત્ર પૈસા લઈ એટલે કે દંડ વસૂલી રેકડી સીઝ કરી લેવાથી કામગીરી ફરી જેવી હોય તેવી જ જોવા મળે છે. પરંતુ દબાણ હટાવ શાખા સહિત મહાનગરપાલિકાના ઘણા એવા વિભાગો છે જેમાં હજુ જે કામગીરી કરવામાં આવતી હોય તે યોગ્ય રીતે ન થતી હોય અને તેને લઈને ઘણી ખરી ફરિયાદો પણ ઉઠવા પામે.

# સરકારની પરવાનગી વગર વિરાણી હાઈસ્કુલની જગ્યા વહેંચી નહીં શકાય : ચાંદની પરમાર

### પ્રાંત અધિકારીના ચુકાદામાં એ વાતની પણ સ્પષ્ટતા કે જમીન ભાડે આપી નફો પણ નહીં મેળવી શકે સંસ્થા

રાજકોટ, તા. ૨૦

વિરાણી હાઈસ્કુલ નો વિવાદ છેલ્લા ઘણા સમયથી ચાલી રહ્યો છે ત્યારે ગઈકાલે સીટી પ્રાંત અધિકારી ચાંદની પરમારે હુકમ કરતા જણાવ્યું છે કે સંસ્થા તે જમીન નો કોઈ પણ ભાગ ભાડે આપી નફો મેળવી નહી શકે એટલું જ નહીં સરકારની મંજૂરી વગર કરોડોની કિંમતની જમીનનું વેચાણ પણ નહીં થાય. સીટી પ્રાંત એક ડોક્ટર ચાંદની પરમાર ચુકાદો આપતા જણાવ્યું કે વિરાણી હાઈસ્કૂલની જમીનનો હવે એક પણ ભાગ ભાડે આપવી શકાશે નહીં ત્યારે આ મિલકત સંબંધી અન્ય કોઈ કોર્ટમાં લીટીગેશન ચાલતા હશે તો તે અંગેનો નિર્ણય તમામ પક્ષકારોને બંધન કરતા રહેશે. આ ચુકાદાને ધ્યાને લઈ પક્ષકાર દિવસ સાઇટમાં રાજકોટ જિલ્લા કલેક્ટર સમક્ષ રિવિઝન અરજી દાખલ કરી શકશે ત્યારે જે માહિતી મળી રહી છે તેને ધ્યાને લઈ વર્ષ ૧૯૫૧માં રાજકોટ જિલ્લા કલેક્ટર દ્વારા રેવન્યુ સર્વે નંબર ૪૨૭ ની ૪૯,૭૨૦ ચોરસ વાર જગ્યા વિરાણી હાઈસ્કુલને ફાળવવામાં આવી હતી જેમાં એ શર્ટ મૂકવામાં આવી હતી કે આ જમીનનો કોઈ પણ ભાગ ભાડે આપી નહીં શકાય અને ભાડે આપી તેમાંથી નફો નહીં મેળવી શકાય. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આ જમીન મૂળ દુર્લભજી શ્યામજી વિરાણી ને ખેતી સિવાયના હેતુ માટે જમીન ફાળવવામાં આવી હતી ત્યારે મહાનગરપાલિકા દ્વારા ટાગોર રોડને મોટો કરવા માટે શ્યામજી વિરાણી હાઇસ્કુલ ગ્રાઉન્ડની કપાત થતી જમીન સામે ટ્રસ્ટ દ્વારા રોકડ વળતરની માંગણી પણ કરવામાં આવી હતી જે દરમિયાન કોલ કપાત જમીન ૭૪૩ ચોરસ વારમાંથી સરકારી જમીન ૧૧૧ ચોરસ વારની જગ્યા અને ખાનગી ૬૨૩ વાર જગ્યા થતી હતી. જેમાં બાકી જમીનની સીટી સર્વેના કોઈ પણ જાતના હુકમ વગર ફેરફાર કરી નાખવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૧૯ માં શામજી વેલજી વિરાણી ટ્રસ્ટ દ્વારા ૫૦૦૦ ચોરસ મીટર જગ્યા વેચાણ કરવા માટે ચેરિટી કમિશનરમાં પણ મંજૂરી માંગવામાં આવી હતી પરંતુ તેની સામે સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ વિરોધ ઉઠાવ્યો અને કલેક્ટર તંત્ર સમક્ષ ફરિયાદ પણ કરી હતી જે બાદ વિરાણી હાઇસ્કુલ નો મામલો હાઇકોર્ટ સુધી પહોંચ્યો હતો. મહત્વનું એ છે કે આ જમીન સંદર્ભે વર્ષ ૨૦૧૪ માં થયેલી ખાનગી નોંધ સામે વિદ્યાર્થીઓ વતી પ્રાંત અધિકારી સમક્ષ અપીલ દાખલ કરવામાં આવી હતી અને ખાનગી નોંધને રદ કરવામાં પણ આવી આ તકે પ્રાગ અધિકારીના નોંધ રદ કરવાના હસ્તક્ષેપને ટ્રસ્ટીઓ દ્વારા હાઇકોર્ટમાં પડકારવામાં આવ્યો હતો જેમાં હાઇકોર્ટે નવા ટ્રસ્ટીઓને સાંભળવા તથા પ્રાંત અધિકારીને હસ્તક્ષેપ કરવા માટે મંજૂરી પણ આપી હતી. આ હુકમથી નારાજ પક્ષકારો હવે દિવસ સાઈટમાં કલેક્ટર સમક્ષ રિવિઝન અરજી દાખલ કરી શકશે તેવું સીટી પ્રાંત અધિકારી ડોક્ટર ચાંદની પરમારે તેના ચુકાદામાં જણાવ્યું હતું.



રેલનગરના યુવાને આઠેક લાખ ઉછીના પેટે આપ્યા હોઇ તે ફસાઇ ગયા હતાં ઉઘરાણી કરે તો ધમકી મળતી હતીઃ આથી નાણા કઢાવવા કામ સોંપ્યુ અને ફરી નાણા ગુમાવ્યા

# કહેવાતા પત્રકાર - સાગ્રીતે પતાવટના નામે પાંચ લાખ પડાવ્યા!

## પહેલા પચાસ હજાર લીધા, બાકીના સાડાચાર લાખ ન આપે તો યુવાનનું અપહરણ, મર્ડર કરાવી નાખવાની ધમકી દીધીઃ ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી એકને પકડી લીધોઃ ન્યુઝ પોર્ટલના સંચાલક તરીકે ઓળખ આપનારની શોધખોળ

રાજકોટઃ શહેરમાં જ નહિ રાજ્યભરમાં પત્રકાર અને કહેવાતી ચેનલના નામે અનેક લેભાગુઓ હાલી નીકળ્યા છે. આવા કહેવાતા પત્રકારો, કેમેરામેનો ઘણીવાર લોકોને બ્લેકમેઇલ કરી રૂપિયા પડાવતાં હોય છે. દરમિયાન આવો જ એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે જેમાં રેલનગરમાં રહેતાં અને બેંકીંગ લોનને લગતું કામ કરતાં યુવાનને તેણે ઉછીના આપેલા પૈસા ફસાઇ ગયા હોઇ અને તે ઉઘરાણી કરે તો ધમકી અપાતી હોઇ આ મેટરમાંથી બહાર કાઢવાના નામે કહેવાતા ન્યુઝ પોર્ટલના સંચાલક શખ્સ અને તેના સાગ્રીતે પાંચ લાખમાં કામ થઇ જશે કહી પહેલા પચાસ હજાર મેળવી લઇ બાકીના સાડા ચાર લાખ નહિ આપે તો અપહરણ કે મર્ડર કરાવી નાખશું તેમ કહી ધમકી આપી અપમાનીત કરતાં એફઆઇઆર દાખલ થતાં ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી એક શખ્સની ધરપકડ કરી લીધી છે.

ઠેકઠેકાણે અનેક એવા શખ્સો છે જે પત્રકાર કે કેમેરામેન બનીને નીકળી પડી પોતાના સ્વાર્થને સાધવા ગુનાખોરી પણ આચરી લેતાં હોય છે. રાજકોટ શહેરના રેલનગરમાં રહેતાં અને બેંકીંગ લોનનું કામ કરતાં યુવાને બે શખ્સને હાથ ઉછીની રકમ આપી હોઇ તે રકમ આ બંને પાછી ન આપતાં હોઇ અને ઉઘરાણી કરતાં ધમકી આપતાં હોઇ યુવાને પોતાના પરિચીત પરસાણાનગરના શખ્સને જાણ કરતાં તેણે પોતાને ન્યુઝ પોર્ટલ ચલાવતો શખ્સ ઓળખે છે તેના મારફત તમારા પૈસા કઢાવી આપીશ કહેતાં ન્યુઝ પોર્ટલના કહેવાતા પત્રકારે રૂપિયા પાંચ લાખ આ કામની પતાવટના થશે તેમ કહી પહેલા પચાસ હજાર મેળવી લઇ બાદમાં મર્ડર કરાવવાની કે અપહરણ કરાવવાની ધમકી દઇ વધુ સાડાચાર લાખ પડાવી લીધા હોઇ આ રકમ પાછી માંગતા પૈસા પાછા નથી આપવા કહી ધમકી આપી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરતાં



ગાંધીગ્રામ પોલીસે એફઆઇઆરને આધારે એક આરોપીની ધરપકડ કરી લીધી છે. તેમજ બીજો આરોપી કે જે પોતાને પત્રકાર તરીકે ઓળખાવે છે તેની તપાસ હાથ ધરી છે.

વિશેષ વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં ગાંધીગ્રામ પોલીસે રેલનગર-૬ પેટ્રોલ પંપ સામેની શેરીમાં અવધ પાર્ક-૫માં રહેતાં ઓગણત્રીસ વર્ષના મયુરભાઇ રાજેશભાઇ ગોહેલની ફરિયાદ પરથી ગાંધીગ્રામ ગૌતમનગર-૩ના હિરેન ભીખુભાઇ મકવાણા, જામનગર રોડ પરસાણાનગર જ્યોતિ પાર્કના નિલેષ ઉર્ફ ગોપાળ અશોકભાઇ ચૌહાણ વિરૂધ્ધ ધમકી, એટ્રોસીટી સહિતની કલમો હેઠળ ફરિયાદ દાખલ કરી છે. ભોગ બનેલા મયુરભાઇ ગોહેલે ફરિયાદમાં જણાવાયુ છે કે તેણે મયુર તથા નૈમિષ અને અંકિતને વર્ષ ૨૦૨૪ના ઓગષ્ટ મહિનામાં રૂા. ૭,૯૨,૫૦૦ હાથ ઉછીના આપ્યા હતાં. તે રકમ પાછી ન આવતાં આ અંગે કોર્ટમાં દાવો દાખલ કર્યો હોઇ જેના કારણે આ બંનેના માણસો મયુરને ધમકી આપતાં હોઇ અને હેરાન કરતાં હોઇ મયુરભાઇએ આ બાબતે પરીચીત એવા પરસાણાનગરના નિલેષ ઉર્ફ ગોપાળ અશોકભાઇ ચૌહાણને વાત કરતાં નિલેષે પોતાનો પરિચીત હિરેન મકવાણા-કોળી જે ગૌતમનગર-૩ ગાંધીગ્રામમાં રહે છે અને ન્યુઝ પોર્ટલ ચલાવે છે તેના મારફત પતી શકે તેમ કહી હિરેનની મુલાકાત કરાવી હતી. જે તે વખતે હિરેન અને નિલેષ ઉર્ફ ગોપાળે મળી મયુરભાઇને કહેલુ કે તમારે જો આ મેટરમાંથી બહાર નીકળવું હોય તો તેની પતાવટના પાંચ લાખ રૂપિયા થશે.

આથી ફરિયાદી મયુરભાઇએ આ રકમ આપવાની હા પાડી તા. ૧/૯/૨૪ના રોજ હિરેન અને નિલેષને રૂા. ૫૦ હજાર આપ્યા હતાં. ત્યારબાદ તેની પાસે વધુ પૈસાની વ્યવસ્થા ન થઇ હોઇ બાકીના રૂા. ૪,૫૦,૦૦૦ આપ્યા નહોતાં. બીજી તરફ હિરેન અને નિલેષે જો તું બાકીના રૂપિયા નહિ દે તો તારું અપહરણ કે મર્ડર કરાવી નાખશું તેવી ધમકી આપી વધુ રૂપિયા ૪,૫૦,૦૦૦ પડાવી લીધા હતાં. આ રકમ મયુરભાઇએ પોતાનું કામ પત્યું ન હોવાથી પાછી માંગતા હિરેને હું પૈસા પાછા આપવાનો નથી, તમારાથી કંઇ ન થાય તેમ કહી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી મારી નાખવાની ધમકી આપી હતી. અંતે આ મામલે મયુર ગોહેલે ગાંધીગ્રામ પોલીસમાં જાણ કરતાં પોલીસ ઇન્સ્પેક્ટર એસ.આર. મેઘાણીના માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઇન્સ્પેક્ટરં એ. એસ. મકરાણીએ એફઆઇઆર દાખલ કરી હતી. એસીપી સી. એમ. પટેલની રાહબરીમાં એક આરોપી નિલેષ ઉર્ફ ગોપાળ આશોકભાઇ ચૌહાણની ધરપકડ કરી લેવામાં આવી છે. બીજા આરોપી હિરેનની શોધખોળ યથાવત રાખવામાં આવી છે. આ બનાવે ભારે ચર્ચા જગાવી છે.